# MEDIA BUZZ

**SANDESH THURSDAY, 12•09•2019**

ઉદ્યોગોના પ્રતિનિધિઓ સાથે કેન્દ્રિય નાણાં રાજ્ય મંત્રીનો સંવાદ

## તમામ ક્ષેત્રોમાં ગુજરાતના મહત્વની નોંધ દુનિયા લે છે : અનુરાગ ઠાકુર

ઈઝ ઓફ ડુઈંગમાં દેશને ૭૦માં સ્થાન પરથી ૫૦માં સ્થાન ઉપર લઈ જવા માટે લક્ષ્યાંક

। વડોદરા ।

આગામી પાંચ વર્ષમાં ભારતનું અર્થતંત્ર ૫ ટ્રિલિયન ડોલરનું બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લક્ષને સિદ્ધ કરવા માટે વેપાર - ઉદ્યોગ સહિત સૌનો સહયોગ જરૂરી છે. ગુજરાતે એમએસએમઈ , કોર્પોરેટ ક્ષેત્ર હોય કે પછી રાજકીય ક્ષેત્રે ( વડાપ્રધાન નરેન્દ્ર મોદી - ગૃહમંત્રી અમીત શાહની નેતાગિરી) આપેલા પ્રદાનની નોંધ તો હવે દેશ જ નહિ પણ સમગ્ર દુનિયા લઈ રહી છે તેમ આજે કેન્દ્રિય નાણાં રાજ્ય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું.

આજે અત્રે હોટલ ગ્રાન્ડ મર્ક્યુરી સૂર્યા પેલેસ ખાતે વેપાર - ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે સંવાદ કાર્યક્રમમાં કેન્દ્રિય મંત્રીએ જણાવ્યું હતુંકે, જ્યારે ઈઝ ઓફ ડુઈંગમાં ભારતનું સ્થાન ૧૪૨થી ૭૦મા સ્થાને લાવવામાં આવ્યું છે અને હજી પણ પ્રથમ ૫૦માં સ્થાનમાં લાવવાનું લક્ષ્યાંક આપવામાં આવ્યું છે, ત્યારે વેપાર - ઉદ્યોગના પ્રશ્નો અહીં તેમના જ પ્રતિનિધિઓ પાસેથી સાંભળીને દે દૂર કરવા માટે સરકાર પ્રતિબધ્ધ છે. વેપાર - ઉદ્યોગોના મંડળોએ દિલ્હી આવવાના બદલે અહીં જ રજૂઆત કરે એ માટેનો આ સંવાદ છે. તેમણે જણાવ્યું હતુંકે, ઈન્કમટેક્સના મુદ્દે સમગ્ર દેશમાં અમદાવાદમાં નાણાંમંત્રી નિર્મલા સિતારામને કાર્યક્રમ યોજીને તંત્રને કરદાતાઓના પ્રશ્નો હલ કરવા નિર્ણય લીધા હતા. ઈન્કમટેકસમાં આગામી દશેરાથી ફેસલેસ આઈટી રિટર્ન સ્ક્રુટિની કાર્યક્રમ અમલી બનશે. સરકારે તમામ ક્ષેત્રે કરપ્સન દૂર કરવા નિર્ણયો લીધા છે. MSME અર્થતંત્રની કરોડ રજ્જુ છે. તેથી કોર્પોરેટ ટેક્સમાં ૯૯.૦૩ ટકા ઉદ્યોગોને ૨૫ ટકાના દાયરામાં લવાયો છે.

તેમણે જણાવ્યું હતુંકે,"સરકાર એમ ઈચ્છે છેકે, વેપાર - ઉદ્યોગો તેમને નડતા પ્રશ્નો હલ કરવા માટે ઉપાયો પણ જાતે જ સૂચવે. જીએસટીના રિટર્ન ફોર્મનું ઉદાહરણ આપીને તેમણે જણાવ્યું હતુંકે, અમે ફોર્મ સરળ બનાવવા ઉપાયો માંગ્યા હતા. આમ છતાં પણ એવી જ રજૂઆતો આવે છેકે,હજી વધુ સરળ બનાવો પણ અમે પૂછીએ છીએ કે શું સરળ બનાવીએ ત્યારે કોઈ જવાબ આપતું નથી. ઈન્કમટેક્સ - જીએસટીનું રિફંડ ૩૦ દિવસમાં આપવામાં આવશે અને અમારો પ્રયત્ન છેકે,ભવિષ્યમાં ૭ દિવસમાં જ રિફંડ મળી જાય.

વેપારીઓ એક કદમ ચાલશે તો અમે ચાર કદમ મિલાવીશું તેવી ખાતરી પણ તેમણે આપી હતી. કોર્પોરેટ જગત દ્વારા સીએસઆરના ખર્ચ ન થયો હોય તેમની સામે ક્રિમિનલ ગુનો ન નોંધવા રજૂઆત થઈ હતી તે અંગે પણ અમે સકારાત્મક નિર્ણય લીધો હતો.

સાંસદ રંજનબેન ભટ્ટ, એફજીઆઈ ,વીસીસીઆઈ સહિતના સંગઠનો દ્વારા યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રી યોગેશ પટેલે જણાવ્યું હતુંકે, એમએસએમઈના ઘણા પ્રશ્નો છે તે હલ કરવામાં આવે તો બંધ થયેલા નાના ઉદ્યોગો ચાલુ થઈ શકે.

સાંસદ રંજનબેન ભટ્ટે જણાવ્યું હતુંકે, નોટબંધી કે જીએસટી હોય વેપાર - ઉદ્યોગોએ મુશ્કેલી સહન કરી હોવા છતાં સરકાર વિરોધી દેખાવો કર્યા નથી. સયાજીરાવની વડોદરાની ભૂમિમાં પોઝેટીવીટી છે તેનો અનુભવ સરકારી અધિકારીઓને પણ થઈ રહ્યો છે. મેયર ડો. જિગીષા શેઠે નવરાત્રીમાં વડોદરાની મુલાકાત લેવા માટે અનુરાગ ઠાકુરને આમંત્રણ આપ્યું હતું. એફજીઆઈના ઉપ પ્રમુખ અભિષેક ગંગવાલે ગુજરાતમાં ૮૦૦ મોટા ઉદ્યોગો તથા ૪.૫૩ લાખ એમએસએમઈ છે અને નિકાસ ક્ષેત્રે પણ મહત્વનો ફાળો આપે છે તેમ જણાવ્યુ હતું.




FGIના ઉપપ્રમુખ અભીષેક ગંગવાલે મોમેન્ટો આપી અનુરાગ ઠાકુરનું બહુમાન કર્યું હતું

### બેંકરો નિર્ણય લેવામાં કોઇ જ સંકોચ ન અનુભવે

બેંકો લોન આપવા સહિતના નિર્ણયો ભયમુક્ત વાતાવરણમાં લે. બેંકરોને કોઇ જ એજન્સી તંગ નહિ કરે. ૨૭ જાહેર ક્ષેત્રની બેંકોમાંથી ૧૨ બેંકો રહી છે તેથી બેંકિંગ ક્ષેત્રે મજબૂતાઇ આવશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. ૨૦૦૯થી ૨૦૧૪ સુધીમાં યુપીએ -૨ વખતે લોનનો આંકડો રૂ.૧૮ લાખ કરોડ પરથી રૂ.૫૮ લાખ કરોડ થયો હતો. ફોન ઉપર પણ લોન મંજૂર થતી હતી. કરપ્સન દૂર કરવા મોદી સરકારે પગલાં લીધા. આગામી સમયમાં અન્ય સેકટર માટે પણ મહત્વના નિર્ણયો લેવામાં આવશે.

### વડોદરામાં મહિલાઓનું શાસન અને મારી પણ બોસ મહિલા

અનુરાગ ઠાકુરે વડોદરાના સાંસદ , ધારાસભ્યો તથા કલેકટર ઉપરાંત મેયર તરીકે મહિલા છે ત્યારે એવી ટિપ્પણી કરી હતી કે, આ અગ્રણી મહિલાઓએ શહેરના વેપાર - ઉદ્યોગોના પ્રશ્નોથી મને એરપોર્ટથી આવતા વાકેફ કર્યો હતો. સાંસદ રંજનબેન ભટ્ટને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખાલી કરેલી બેઠક મળી હતી. મારી બોસ પણ મહિલા ( નિર્મલા સિતારામન) છે.

**રાજ્ય કક્ષાના નાણાં મંત્રી....**

સરકાર કટીબધ્ધ હોવાનો ભરોસો આપ્યો હતો. કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકારની બીજી ટર્મ દરમિયાન સરકાર દ્વારા આગામી પાંચ વર્ષમાં દેશના અર્થતંત્રને પાંચ ટ્રીલીયન સુધી લઇ જવાનું સપનું સેવાયું છે. પરંતુ પ્રથમ ટર્મમાં નોટબંધી અનેત્યારબાદ જીએસટીના અમલને પગલે દેશભરના ઉદ્યોગ સાહસીકો તેમજનાના ઉદ્યોગકારો, વેપારીઓને અનેક પ્રકારની સમસ્યાઓ નડી રહી છે. નવી સિસ્ટમના પગલે અનેક ઉદ્યોગો, નાના કારખાના બંધ થઇ ગયા છે તો કેટલાક બંધ થવાના આરે આવી ગયા છે. આવી અનેક સમસ્યાઓથી પિડાતા ઉદ્યોગકારોની સમસ્યાના સમાધાન હેતુ સાંસદ રંજનબેન ભટ્ટ દ્વારા ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ, વીસીસીઆઇ અને આઇસીએઆઇના સાથે મળી રાજ્યકક્ષાના કેન્દ્રીય નાણાં મંત્રી અનુરાગ ઠાકુર સાથે સીધો વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે સાંજે યોજાયેલા આ વાર્તાલાપમાં શહેર જિલ્લાના વિવિધ વેપારી સંગઠનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. અનુરાગ ઠાકુરે તમામ પ્રતિનિધિઓ પાસેથી સૌ પ્રથમ તેઓને કનડતી સમસ્યાઓ જાણવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં ઔદ્યોગિક અને વેપારી સંગઠનોના પ્રતિનિધિઓને જીએસટીના સરલીકરણ, આવકર વિભાગ અને જીએસટી વિભાગ તરફથી સમયાંતરે કરાતા તાકાજા, બેંક લોન, ઈમ્પોર્ટ અને એક્ષપોર્ટ ડ્યુટી, પોલ્યુશન કંટ્રોલ દ્વારા ઉભી થતી સમસ્યા, વડોદરાને એરકાર્ગોની સુવિધા આપવા એન.એસ.એમ.ઇ.ને વધુ સવલતો આપવા, મોટા ઉદ્યોગ ગૃહો દ્વારા કરાતી કનડગતમાં સરકારના સહયોગ તેમજ ઉદ્યોગોને સોશ્યલ સિક્યોરીટી આપવા જેવા અનેક પ્રશ્નો ઉદ્યોગ સંગઠનોના પ્રતિનિધિઓએ પૂછયા હતા. ત્યાર બાદ અનુરાગ ઠાકુરે તેઓને સરકાર ઉદ્યોગોની તમામ સમસ્યાઓના ઝડપી ઉકેલ લાવવા તેમજ તેઓને દરેક રીતે મદદ કરવાનું વચન આપ્યું હતું. તેમજ ઉદ્યોગ સંગઠનોને તેઓની સમસ્યા લેખીતમાં અથવા ઇમેઇલ દ્વારા પોતાને મોકલવા જણાવ્યું હતું. તેમજ તેઓની નાણાં મંત્રાલયને લગતી અથવા તો અન્ય કોઇ વિભાગની સમસ્યા હોય તો ત્યાં સુધી પહોંચાડવાની પણ ખાત્રી આપી હતી.

### ઓટો, બેંકિંગ સેક્ટર માટે નિર્ણયો લેવાયા

ઓટો હોય કે બેંકિંગ, એનબીએફસીના નિર્ણય લીધા છે. વ્યાજના દર નીચા લાવવા, બીએસ IVના વાહનો ૩૧મી માર્ચ ૨૦૨૦ સુધી વેચાણ તથા તેનું જ્યાં સુધી રજિસ્ટ્રેશન હોય ત્યાં સુધી તે ચાલશે. બીએસ VIના વાહનો તથા ઇલેક્ટ્રિક વ્હિકલ માટે પણ જીએસટીના દરમાં ઘટાડા જાહેર કર્યા છે.

---

**દિવ્ય ભાસ્કર ગુરુવાર, 12 સપ્ટેમ્બર, 2019**

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર ગણેશોત્વમાં ભાગ લેવા આવ્યા

## દશેરાથી ફેસલેસ એસેસમેન્ટ સિસ્ટમ શરૂ: અનુરાગ ઠાકુર

ઉદ્યોગકારો સાથે સંવાદમાં કેન્દ્રિય મંત્રીએ મોટાભાગના જવાબ ટાળ્યાં

બિઝનેસ રિપોર્ટર | વડોદરા

શહેરના અગ્રણી ઉદ્યોગ સંસ્થાઓ એફ.જી.આઈ, વી.સી.સી.આઈ, તથા અન્ય 20 જેટલી સંસ્થાઓ દ્વારા કેન્દ્રિય મંત્રી અનુરાગ ઠાકુર સાથે વિશેષ સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના એમ.ઓ.એસ ફાઈનાન્સ એન્ડ કોર્પોરેટ અફેર્સ મિનીસ્ટર અનુરાગ ઠાકુર મંગળવારે શહેરની મુલાકાતે આવ્યા હતા. મંત્રી દ્વારા સંવાદ પ્રસંગે પ્રથમ ઉદ્યોગકારો પાસેથી સવાલ મંગાવવામાં આવ્યા હતા. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ઈન્ડાઈરેક્ટ ટેક્સ કોડના રિવાઈસ ડ્રાફ્ટ અંગે સવાલ પુછવામાં આવ્યો હતો અને તેને લાગુ કરતા પહેલા પબ્લીક કોમેન્ટ માટે મુકવામાં આવશે કે નહિ તે અંગેની માહિતી માંગવામાં આવી હતી.ગુજરાત ફાર્મા સેક્ટરમાં 32 ટકાની ભાગીદારી ધરાવે છે.

ફાર્મા સાથે સંકળાયેલા ઉદ્યોગકારોએ જી.એસ.ટી.ના માળખા અંગે પ્રશ્નો રજૂ કર્યા હતા. ..વિજય શાહે સરકારી યોજનાઓ સાથે સંકળાયેલી હોસ્પિટલને ટેક્સમાં રાહત થાય તે અંગેના પ્રશ્ન પૂછ્યો હતો. અન્ય અગ્રણીએ વડોદરા એરપોર્ટ પર કાર્ગો ફેસીલીટી શરૂ કરવા તથા એક્સપોર્ટરો માટે આપવામાં આવતા એમ.ઈ.ઈ.એસ. ના ભવિષ્ય અંગે ચિંતા વ્યક્ત કરી હતી.વી.સી.સી.આઈ દ્વારા એમ.એસ.એમ.ઈ ક્ષેત્રને આપવામાં આવતી લોનના દર ઘટાડવા સહિતના પ્રશ્નો રજુ કર્યા હતા. મંત્રી દ્વારા તમામ પ્રશ્નો સાંભળ્યા બાદ તેના ભવિષ્યમાં નિરાકરણ લાવવા અંગે ખાતરી આપવામાં આવી હતી. વધુમાં તેમણે કહ્યું કે, સરકાર દ્વારા ટેક્સ સિસ્ટમ, બેંક લોન તથા એમએસએમઈને લગતાં સુધારા કરવામાં આવ્યા છે. દશેરાથી દેશમાં ફેસલેસ એસેસમેન્ટની સિસ્ટમ શરૂ કરાશે.




કેન્દ્રિય મંત્રી અનુરાગ ઠાકુર . સાથે ઉદ્યોગકારોનો વિશેષ સંવાદ યોજાયો હતો.

### પ્રશ્નોનું નિરાકરણ આવે તે જરૂરી: યોગેશ પટેલ

રાજ્ય સરકારના મંત્રી યોગેશ પટેલે જણાવ્યું હતું કે,પ્રધાનમંત્રી દ્વારા ન્યુ ઈન્ડિયાનું સ્વપ્ન જાહેર કરવામાં આવ્યું છે. ન્યુ ઈન્ડિયાના પ્રશ્નને સાકાર કરવા માટે ઈન્ડસ્ટ્રીઝના જી.એસ.ટી અને ઈન્કમટેક્સ સંબંધિત પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવું જરૂરી છે.વેપારી પૈસા મોડા ચુકવવામાં બેંક દ્વારા વેપારી પર તવાઈ આવે છે. યોગ્ય કાર્યવાહી કરવાની તાકીદ સાથે ઔદ્યોગિક પ્રતિનિધિ મંડળને દિલ્હી બોલાવવા રજુઆત કરી હતી.

### GST અને નોટબંધીમાં સાથ આપ્યો: રંજનબેન

સાંસદ રંજનબેન ભટ્ટના આમંત્રણને માન આપીને અનુરાગ ઠાકુર વડોદરા આવ્યા હતા.સંવાદમાં સાંસદે જણાવ્યું કે, વડોદરા કલા નગરી છે. વડોદરાના શહેરીજનો દેશને સમર્પિત છે,નોટબંધી અને જી.એસ.ટીમાં સરકારને સાથ આપ્યો હતો.પ્રસંગે સાંસદ દ્વારા કેન્દ્ર સરકારના કાશ્મીરમાં લગતા નિર્ણયના સપોર્ટમાં 15 સપ્ટેમ્બરના રોજ શહેરમાં ભારત એકતા કુચ અંગેની જાહેરાત પણ કરી હતી.

---

**ગુજરાતમિત્ર**

૮ ગુરુવાર ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૯

ઉદ્યોગ-ધંધાને કનડતી સમસ્યાઓ અંગે સીધો વાર્તાલાપ

## રાજયકક્ષના નાણામંત્રી અનુરાગ ઠાકુર સમક્ષ શહેર-જિલ્લાના ઉદ્યોગપતિઓએ દર્દ-એ-દિલ બયાન કર્યુ



**જીએસટી, બેંક લોન,** ઇમ્પોર્ટ ડ્યુટી પોલ્યુશન સહિતની વિવિધ સમસ્યાઓ અંગે વિવિધ ઉદ્યોગ સંગઠનના પ્રતિનિધિઓએ ખુલ્લામને રજુઆત કરી : અનુરાગ ઠાકુરે પણ તેઓની સમસ્યાના નિકાલ માટે સરકાર તત્પર હોવાનો ભરોસો આપ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.૧૧

એફ.જી.આઇ, વી.સી.સી.આઇ અને વડોદરા બ્રાન્ચ ઓફ આઇ.સી.એ.આઇ દ્વારા આજે શહેરમાં કેન્દ્રીય રાજ્ય કક્ષાના નાણાં મંત્રી અનુરાગ ઠાકુર સાથે ઉદ્યોગ સાહસીકોના સીધા વાર્તાલાપનું આયોજન કરાયું હતું. જેમાં શહેર-જિલ્લાના વિવિધ ઉદ્યોગ સંગઠનોના પ્રતિનિધિઓએ તેઓને પડતી તકલીફો અને વિવિધ સમસ્યાઓ વિશે ખુલ્લા મને ચર્ચા કરી હતી. જ્યારે અનુરાગ ઠાકુરે પણ તેઓને ખુબજ હળવા અંદાજમાં પ્રત્યુત્તર આપી તેઓની સમસ્યાઓના સમાધાન હેતુ

(અનુસંધાન પાન. ૨ ઉપર)

### કલમ ૩૭૯ નાબુદીના નિર્ણયને વધાવવા ૧૫મીએ 'ભારત એકતા કૂચ' યાત્રાનું આયોજન

જમ્મુ અને કાશ્મીરને દેશથી અલગ પાડતી કલમ ૩૭૦ અને ૩૫ની નાબુદીને વધાવવા શહેરમાં આગામી તા.૧૫મીએ 'ભારત એકતા કૂચ' યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયના સમર્થનમાં અને સરકારને અભિનંદન આપવાના પ્રયાસના ભાગરૂપે શહેરવાસીઓને આ યાત્રામાં જોડાવવા સાંસદ રંજનબેન ભટ્ટે આહવાન આપ્યું હતું.

### મહિલા નેતાઓ અને અધિકારીઓને જોઈ ''અહીં મહિલાઓનું રાજ છે'' ની ટિપ્પણીથી હાસ્ય ફેલાયું

સાંસદ રંજનબેન ભટ્ટ, મેયર ડો. જીગીશાબેન શેઠ, કલેકટર શાલીની બેન અગ્રવાલ, ધારાસભ્યો સીમાબેન મોહીલે અને મનીષાબેન વકીલ જેવી મહિલા નેતાઓ અને અધિકારીઓને એક સાથે જોતા અનુરાગ ઠાકુરે ''અહીં મહિલાઓનું રાજ ચાલે છે '' જેવી ટીપ્પણી કરી હતી. જેને લઈને સેમીનારમાં હાસ્યનુંમોજુ ફરી વળ્યું હતું.

### જી.એસ.ટી. નું રિફંડ સાત દિવસમાં મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવાશે

સૌથી વધુ પ્રશ્નો જી.એસ.ટી.ને લગતા હતા.જેને સંદર્ભમાં અનુરાગ ઠાકુરે ઉદ્યોગકારો અને વેપારીઓને ખાત્રી આપી હતી કે સરકાર જીએસટી રીટર્નમાં હજીય વધુ સરળીકરણ કરવા પ્રયાસ કરી રહી છે. ટુંક સમયમાં જ રીટર્ન ભરનારાઓને માત્ર સાત દિવસમાં રિફંડ મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવાની બાંહેધરી આપી હતી.

---

**લોકસત્તા જનસત્તા ગુરુવાર ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૯**

## ભવિષ્યમાં ભારત 5 ટ્રિલીયન ડોલર ઈકોનોમી બનશે : અનુરાગ

વડોદરા, તા.૧૧

ભારત સરકારના નાણાં અને નિગમિત બાબતોના રાજ્યમંત્રી અનુરાગ ઠાકુરે પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ સન ૨૦૨૪-૨૫ સુધીમાં ભારત ૫ ટ્રીલિયન યુએસ ડોલરની ઈકોનોમી અવશ્ય બનશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની બાબતમાં ભારતને વિશ્વના પ્રથમ ૫૦ દેશોમાં સ્થાન અપાવવા અમે સંકલ્પબદ્ધ છીએ. અમે બંધ ઓરડામાં એકલા બેસીને નિર્ણયો લેનારા નથી એવા શબ્દો સાથે એમણે જણાવ્યું કે અર્થતંત્રના તમામ ક્ષેત્રો સાથે યોગ્ય પરામર્શ કરીને જ કાયદા, નિયમો અને જોગવાઈઓમાં સુધારા કે નવીનીકરણ કરવાની પ્રથા પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શનથી અમારી સરકારે અપનાવી છે.

ઠાકુરે એફજીઆઈ,વીસીસીઆઈ અને આઈસીએઆઈની વડોદરા શાખાના ઉપક્રમે યોજાયેલા સંવાદસત્રમાં વડોદરાના વ્યાપ ર ઉદ્યોગ જગત સાથે મોકળા મને ચર્ચા કરી હતી અને સમસ્યાઓ તથા સૂચનોની જાણકારી મેળવી હતી. તેમણે દિલ્હી આવો તો મને પ્રશ્નો અંગે મળી શકો છો, ઈ-મેઈલથી જાણકારી આપી શકો છો એવી નિખાલસતા સાથે એમણે વ્યાપાર ઉદ્યોગ જગતને જરૂરી અને વાજબી સરળતા કરી આપવાની નેમ વ્યક્ત કરી હતી.

ઠાકુરે મહત્વની જાણકારી આપ તાં જણાવ્યું કે, આવકવેરા વિભાગ આગામી દશેરાથી ખૂબ જ પારદર્શક અને ભ્રષ્ટચારનો છેદ ઉડાડતી ફેસલેસ એસેસમેન્ટની પદ્ધતિ અપ નાવશે. અમે કરદાતાઓનો આદર કરીએ છે, રાષ્ટ્ર નિર્માણમાં એમના યોગદાનને મૂલવીએ છે અને એમને કોઈ ખોટી હેરાનગતિ ના થાય એની તકેદારી રાખવામાં વિશ્વાસ ધરાવીએ છે. સરકાર લિટીગેશન્સ ઓછા કરવા માટેના જરૂરી સુધારા કરી રહી છે જેની અર્થતંત્ર પર ખૂબ સકારાત્મક અસર પ ડશે. એકીકરણ દ્વારા ૨૭ માંથી ૧૨ બેંકો બનાવવાના પગલાંથી બેન્કિંગ સેકટરની ક્ષમતા વધશે.



તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રીની સ્ટાર્ટ અપ અને સ્ટેન્ડ અપ જેવી પહેલો થી પ્રતિભાશાળી યુવાનોને દેશમાં જ ખૂબ વ્યાપક તકો મળી છે અને આ યુવા પ્રતિભાઓએ ટાટા-બિરલા જેવા ઉદ્યોગપતિઓ જેવું કૌશલ્ય ટૂંકા ગાળામાં બતાવ્યું છે. મેક ઈન ઈન્ડિયાના કોન્સેપટ થી ઈલેક્ટ્રોનિક્સમાં આયાતોનું પ્રમાણ ઘટાડી શકાયું છે. દેશે ફ્યુઅલની આયાત માટે ખૂબ મોટો ખર્ચ કરવો પડે છે ત્યારે વાહન ઉદ્યોગના આ ક્ષેત્રમાં નવી પહેલો કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

તેમણે પેરિસની પરિષદમાં પ્રધાનમંત્રીશ્રીની પહેલોનો દાખલો આપતાં જણાવ્યું કે, વિશ્વ કરે એવું આપણે કરીએ એના બદલે હવે આપણે કરીએ એવું વિશ્વ કરેનો અભિગમ અપનાવીએ. તેમણે જણાવ્યું કે, જીએસટીનું રિફંડ સમયસર આપવાની સમયમર્યાદાનું પાલન કરવાની સૂચનાઓ આપી છે અને એના વધુ સરળીકરણ માટેના સૂચનો આવકાર્ય છે.

શ્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે, એમ.એસ.એમ.ઈ. અને કૃષિક્ષેત્ર દેશના અર્થતંત્રની કરોડરજ્જુ છે, વ્યાપાર-ઉદ્યોગ ઉદ્યોગજગત સાથે, તમામ હિતધારકો સાથે સતત સંવાદ રાખીને અર્થતંત્રની દિશા નિર્ધારિત કરાશે. તેમણે વડોદરાના વ્યાપાર ઉદ્યોગ જગત સાથે સંવાદની સરળતા કરી આપવા માટે સાંસદશ્રીને ધન્યવાદ આપ્યા હતા.

નર્મદા વિકાસ રાજ્યમંત્રીશ્રી યોગેશભાઈ પટેલે, ઉદ્યોગોની જીએસટી અને આવકવેરાને લગતી તેમજ લઘુઉદ્યોગોની મુશ્કેલીઓના નિવારણ દ્વારા વિકાસને વેગવાન બનાવવા ભારત સરકારના નાણાં મંત્રાલયને અનુરોધ કર્યો હતો. તેમણે બેન્ક લોનને લગતી બાબતોના નિવારણ માટે દિલ્હીમાં પ્રતિનિધિ મંડળને મુલાકાત આપવા વિનંતી કરી હતી.

સાંસદ શ્રીમતી રંજનબહેન ભટ્ટે સહુને આવકારતા જણાવ્યું કે રાષ્ટ્ર માટે સમર્પણ એ વડોદરાના સ્વભાવમાં છે.કેન્દ્ર સરકારના નોટબંધી અને જીએસટી સહિતના તમામ પ્રગતિશીલ નિર્ણયોના અમલમાં વડોદરાના વ્યાપ ૨ ઉદ્યોગ જગતે સહયોગ આપ્યો છે.

# MEDIA BUZZ

**ગુજરાત સમાચાર** બુધવાર, તા.૨૧ ઓગસ્ટ, ૨૦૧૯

## ભારતના ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ સંચાલિત

## વડોદરાની એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સીની ઓફિસને તાળા મરાશે

વડોદરા,મંગળવાર

ભારત સરકારના ડાયરેક્ટર જનરલ ઓફ ફોરન ટ્રેડ દ્વારા સંચાલિત એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સીની વડોદરા સ્થિત ઓફિસને ૧૦ સપ્ટેમ્બરથી તાળા મારી દેવાના નિર્ણયની સામે ઉદ્યોગ જગતમાં કચવાટ જોવા મળી રહ્યો છે.

### ઓફિસ બંધ કરવાના નિર્ણયથી નારાજ મધ્ય ગુજરાતના ઔદ્યોગિક સંગઠનોની એડિશનલ ઈન્ડસ્ટ્રિઝ કમિશનર સમક્ષ રજૂઆત

વડોદરાના સંગઠનો એફજીઆઈ(ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ), વીસીસીઆઈ(વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિઝ), ઈમ્પોર્ટ એક્સપોર્ટ ક્લબ, વાઘોડિયા સહિતની વિવિધ જીઆઈડીસીઓના સંગઠનોએ આજે રાજ્ય સરકારના એડિશનલ ઈન્ડસ્ટ્રિઝ કમિશનર સાથે યોજાયેલી બેઠકમાં આ મુદ્દે રજૂઆત કરી હતી.

સંગઠનોની રજૂઆતનો સૂર એ હતો કે, વડોદરા મધ્ય ગુજરાતના ઉદ્યોગોનુ હબ છે.મધ્ય ગુજરાતમાંથી થતી એક્સપોર્ટ માટે નોન પ્રેફરન્શિયલ સર્ટિફિકેટ આપવાનુ કામ એફજીઆઈ કરે છે પણ જે દેશો સાથે ટ્રેડ એગ્રિમેન્ટ થયેલા છે તે દેશોમાં એક્સપોર્ટ માટે પ્રેફરન્શિયલ સર્ટિફિકેટની જરુર પડતી હોય છે.આ કામગીરી વડોદરા સ્થિત એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સીની ઓફિસમાંથી થાય છે.ઉપરાંત એક્સપોર્ટ અંગે નાની મોટી મૂંઝવણોનો જવાબ મેળવવા માટે પણ ઉદ્યોગો આ ઓફિસનો સંપર્ક કરતા હોય છે.

ઔદ્યોગિક સંગઠનોનુ કહેવુ છે કે, આ ઓફિસ ૧૦ સપ્ટેમ્બરથી બંધ કરવાની નોટિસ જુન મહિનામાં અપાઈ હતી.એ પછી અત્યાર સુધી ઓફિસ બંધ નહી કરવા કરાયેલી રજૂઆત કાને ધરવામાં આવી નથી.એવુ પણ મનાય છે કે, આ ઓફિસ હજીરા ખાતે ખસેડવામાં આવશે.વડોદરામાં ઓફિસ કાર્યરત રહે તે માટે ઉદ્યોગ[illegible] સરકાર ભારત સરકારમાં[illegible]

### ૨૫૦ કરોડ સુધીનુ ટર્નઓવર ધરાવતા ઉદ્યોગોને એમએસએમઈ તરીકે ગણવામાં આવે

ઔદ્યોગિક સંગઠનોએ બીજી પણ રજૂઆતો કરી હતી.જેમ કે

--૨૫૦ કરોડ સુધીનુ ટર્નઓવર કરનારા ઉદ્યોગોને એમએસએમઈ(માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ ઈન્ડસ્ટ્રિઝ)તરીકે ગણવા માટે સરકારે વચન તો આપ્યુ છે પણ છેલ્લા એક વર્ષથી તેનો અમલ કરાયો નથી.હજી પણ એમએસએમઈ માટે ૧૨ વર્ષ જુની વ્યાખ્યા જ ચાલુ રખાઈ છે.સરકારે આપેલા વચનનો વહેલી તકે અમલ કરવામાં આવે.

--મિનિમમ વેજિસને લગતા કેટલાક નિયમો બદલવામાં આવે.જેમ કે નવા નિયમ પ્રમાણે મિનિમમ વેજિસના મામલામાં લાગતી પેનલ્ટીમાં ૧૦૦૦ ગણો વધારો કરાયો છે.

--વડોદરા એરપોર્ટ પર ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરુ કરવામાં આવે અને રનવેની લંબાઈ વધારવાના પ્રસ્તાવ પર વહેલી તક અમલ કરવામાં આવે.

---

**દિવ્ય ભાસ્કર** વડોદરા, બુધવાર, 21 ઓગસ્ટ, 2019

## FGI તેમજ અન્ય એસો. દ્વારા ઇન્ડસ્ટ્રિઝના પ્રશ્નો અંગે રજૂઆત

બિઝનેસ રિપોર્ટર | વડોદરા

ફેડરેશન ઓફ ગુજરાત ઇન્ડસ્ટ્રિઝ તથા અન્ય ઇન્ડસ્ટ્રીયલ એસોશિયેશન દ્વારા સરકારના પ્રતિનિધીને ઇન્ડસ્ટ્રિઝને પડતી મુશ્કેલીઓને પ્રશ્ને રજુઆત કરવામાં આવી છે.સરકાર દ્વારા આગામી પાંચ વર્ષ માટે નવી ઇન્ડસ્ટ્રીયલ પોલીસી અંતર્ગત સુચન માટે પ્રતિનિધી મોકલાયા હતા.

ડી.આઇ.સી દ્વારા ઇન્ડસ્ટ્રિઝના મુદ્દે રજુઆત કરવા માટે વિશેષ સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એફ.જી.આઇ સહિતના અન્ય અગ્રણી ઇન્ડસ્ટ્રીયલ એસોશિયેશનના પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા.વધુમાં એફજીઆઇના નિતેશ પટેલે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા એમએસએમઇ ની વ્યાખ્યા સ્પષ્ટ કરાઇ નથી. જેને કારણે વ્યાપક ગેરસમજ ઉભી થઇ રહી છે. તેની સાથે ઇન્સેન્ટીવ ઇન્વેસ્ટમેન્ટ, ઓનસાઇટ ઇન્સ્પેક્શન, જીએસટી ક્રેડિટના પ્રશ્ને રજુઆત કરાઇ હતી. સરકારના કોડ એન્ડ વેજ બીલ-2019માં કંપની માલિક સામે કડકાઇ પુર્વક કાર્યવાહી કરવા અંગેની જોગવાઇ અંગે રજૂઆત કરી હતી. પેનલ્ટી ઘટાડવાની માંગ પણ મુકી હતી.વડોદરાને આં.રા. એરપોર્ટની પડતર માંગણી ત્વરીત પુર્ણ કરવાની માંગ કરી હતી.

---

**SANDESH** WEDNESDAY, 21•08•2019

### એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સી ૧૦ સપ્ટે.થી બંધ ન કરો

## વડોદરા શહેરની એક્ઝિબિશન સેન્ટરની વર્ષો જૂની માગ સંતોષો

### રાજ્યના અધિક ઉદ્યોગ કમિશનર સાથે ઉદ્યોગકારોની બેઠક યોજાઇ

| વડોદરા |

વડોદરાના કોર્પોરેટ જગત દ્વારા વર્ષોથી એક્ઝિબિશન સેન્ટર કરમ સેન્ટર ફોર એક્સલન્સ સ્થાપવા માટે રજૂઆત કરવામાં આવી છે. હજી સુધી આ માગણી સંતોષાઇ નથી તો ગુજરાત સરકારે તાત્કાલિક આ દિશામાં પગલાં લેવા જોઇએ તેવી માગણી રાજ્યના અધિક ઉદ્યોગ કમિશનર મિસ શ્વેતા તિઓટીઆ સમક્ષ કરવામાં આવી હતી.

એફજીઆઇ ખાતે ૧૯મીના રોજ વડોદરાના વિવિધ વેપારી - ઉદ્યોગ જગતના સંગઠનોના અગ્રણીઓની યોજાયેલી બેઠકમાં આ મુદ્દો રજૂ કરાયો હતો. આ ઉપરાંત પાદરા તાલુકામાં આવેલા કેમિકલ સહિતના ઉદ્યોગોને પણ વિસ્તરણ કરવા માટે મંજૂરી આપવામાં આવે તેવી માગણી રજૂ કરવામાં આવી હતી. એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સીની સબ ઓફિસ વડોદરામાં બંધ કરવામાં આવી છે તે પુનઃ શરૂ કરવી, વડોદરા એરપોર્ટ ખાતેનો રનવે લંબાવી વધુ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઇટની સુવિધા આપવી, એમએસએમઇ માટે ફોરેન ટ્રેડ પોલીસી ૨૦૨૦-૨૫માં કેટલીક જોગવાઇ કરવા રજૂઆત થઇ હતી. એમએસએમઇની વ્યાખ્યા સુધારીને મોટા ઉદ્યોગોને લાભ આપો. શ્રમ કાયદાઓમાં પણ ઉદ્યોગકારો પ્રતિ કડક જોગવાઇઓના બદલે હાલની જોગવાઇઓ ચાલુ રાખો.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને એફજીઆઇ દ્વારા યોજાયેલી આ બેઠકમાં વડોદરાના ઉદ્યોગોના પ્રશ્નોની પણ માહિતી મેળવવામાં આવી હતી.

આ બેઠકમાં વીસીસીઆઇ, એફએસએસઆઇ, એનઆઇએ, એક્ઝિમ ક્લબ, સાવલી પૂર્વ, વાઘોડિયા પશ્ચિમ, ડીએસઆઇએ, વાઘોડિયા ઇન્ડ.એસો.સહિતના એસોસિએશનના હોદ્દેદારોએ હાજરી આપી હતી.

એફજીઆઇના પ્રમુખ મનોહર ચાવલાએ એક્ઝિબશન સેન્ટર જો વડોદરામાં ઝડપથી શરૂ થાય તો ઉદ્યોગોને ફાયદો થાય તેવી લાગણી વ્યકત કરવામાં આવી હતી. ફોરમ ઓફ ફેડરેશન્સ, ચેમ્બર્સ એન્ડ એસો. ઓફ ઈન્ડસ્ટ્રિઝના પ્રમુખ ગીતા ગોરડિયાએ પણ પાદરા તાલુકાના ઉદ્યોગોના પ્રશ્નોની રજૂઆત કરી હતી. એફજીઆઇના સિનિયરવાઇસ પ્રેસિડેન્ટ પરેશ સરૈયાએ વૈશ્વિક સ્પર્ધાત્મક કોર્પોરેટ જગતમાં સ્થાનિક ઉદ્યોગો વધુ સારો દેખાવ કરી શકે તે માટે સરકારના પ્રોત્સાહન જરૂરી હોવાનું મંતવ્ય પણ વ્યક્ત કર્યું હતું.

---

**ગુજરાત સમાચાર**

ગુરૂવાર, તા.૫ સપ્ટેમ્બર, ૨૦૧૯

### ઓફિસ બંધ કરવા સામે ઉદ્યોગ જગતમાં નારાજગી હતી

## વડોદરા સ્થિત એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સીને હાલ તાળાં નહીં વાગે

વડોદરા,બુધવાર

ભારત સરકારના ડાયરેક્ટર જનરલ ઓફ ફોરન ટ્રેડ દ્વારા સંચાલિત એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સીની વડોદરા સ્થિત ઓફિસને ૧૦ સપ્ટેમબરથી તાળા મારી દેવાનો નિર્ણય હાલ પૂરતો ટાળી દેવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારે એક્સપોર્ટ માટેના સર્ટિફિકેટ ઓફ ઓરિજિન અને સર્ટિફિકેટ ઓફ હેલ્થ આપવાની પ્રક્રિયા ઓનલાઈન કરવાનુ કારણ આપીને વડોદરા સહિતની દેશની આઠ એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સીની ઓફિસો બંધ કરવાનુ નક્કી કર્યુ હતુ.હવે જ્યાં સુધી ઓનલાઈન પ્રક્રિયાનો સંપૂર્ણપણે અમલ નહી થાય ત્યાં સુધી આ ઓફિસો બંધ કરવામાં નહી આવે.કેન્દ્ર સરકારના વાણિજ્ય મંત્રાલયે તમામ ઓફિસોને આ માટેની એક પબ્લિક નોટિસ પણ લગાડવા માટે જણાવ્યુ છે.

વડોદરાની ઓફિસ બંધ કરવા સામે એફજીઆઈ(ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ) સહિતના સંગઠનોએ તાજેતરમાં રજૂઆત પણ કરી હતી.તેમનુ કહેવુ હતુ કે, વડોદરા મધ્ય ગુજરાતના ઉદ્યોગોનુ હબ છે. જે દેશો સાથે ટ્રેડ એગ્રિમેન્ટ થયેલા છે તે દેશોમાં એક્સપોર્ટ માટે પ્રેફરન્શિયલ સર્ટિફિકેટની જરુર પડતી હોય છે.

આ કામગીરી વડોદરા સ્થિત એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સીની ઓફિસમાંથી થાય છે.આ ઓફિસ બંધ થવાથી ઉદ્યોગોને હાલાકી પડશે.

# MEDIA BUZZ

**દિવ્ય ભાસ્કર**
વડોદરા, સોમવાર, 02 સપ્ટેમ્બર, 2019

## EPFOના ઓડિટમાં કરાતી હેરાનગતિ સામે અદાલતની રોક

બિઝનેસ રિપોર્ટર | વડોદરા

કંપનીમાં વર્ષમાં અનેક વખત ઇ.પી.એફ.ઓ.ના અધિકારીઓ દ્વારા ઓડિટની કામગીરી કરવામાં આવે છે.જેમાં અધિકારીઓ દ્વારા જૂની વિગતો સહિતની અન્ય જરૂરી વિગતોની ચકાસણી કરતા હોય છે. કેટલીક વખત સમગ્ર કામગીરી દરમિયાન કંપની ચાલકને હેરાન થવાનો વારો આવે છે.એફ.જી.આઇ દ્વારા આ મામલે અનેક વખત સત્તાધીશોને અગાઉ રજૂઆત કરવામાં આવી હતી.આખરે કોર્ટે ઓડિટના નામે થતી હેરાનગતિ સામે રોક લગાડી છે. આ અંગેનું નોટિફિકેશન ઇ.પી.એફ.ઓ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

**દિવ્ય ભાસ્કર**
વડોદરા, ગુરુવાર, 05 સપ્ટેમ્બર, 2019

### વિવિધ ઓર્ગેનાઇઝેશને ભારે વિરોધ કર્યો હતો

## એક્સપોર્ટ ઇન્સ્પેક્શન એજન્સી બંધ રાખવાનો નિર્ણય મુલતવી

બિઝનેસ રિપોર્ટર | વડોદરા

વડોદરા ખાતે કાર્યરત એક્સપોર્ટ ઇન્સ્પેક્શન ઓફિસ(ઇ.આઇ.એ) બંધ કરવાનો નિર્ણય એફ.જી.આઇ, એક્ઝીમ ક્લબ સહિતના ઓર્ગેનાઇઝેશના વિરોધથી વડોદરા ઓફિસને બંધ કરવાનો નિર્ણય હાલ પુરતો મુલતવી રખાયો છે.

મધ્ય ગુજરાતમાં વડોદરા ખાતે એક્સપોર્ટ ઇન્સ્પેક્શન ઓફિસ(ઇ.આઇ.એ) આવેલી છે.ઇ.આઇ.એ દ્વારા એક્સપોર્ટરને પ્રેફરન્શીયલ સર્ટિફિકેટ અપાય છે.એક્સપોર્ટ થતા તમામ કન્સાઇનમેન્ટ માટે પ્રેફરન્શીયલ સર્ટિફિકેટ જરૂરી છે.ડિપાર્ટમેન્ટ દ્વારા વડોદરા ઇ.આઇ.એ ઓફિસ બંધ કરવા માટેનો નિર્ણય લેવાયો હતો. સરકાર દ્વારા પ્રેફરન્શીયલ સર્ટિફિકેટ ઓનલાઇન ઇશ્યુ કરવાનો નિર્ણય લેવાયો હતો.પરંતુ ઓનલાઇન સેવા શરૂ ન થયા બાદ પણ ડિપાર્ટમેન્ટ દ્વારા વડોદરા ઓફિસ બંધ કરવાનું નોટીફીકેશન ઇશ્યુ કરતા એક્સપોર્ટરોમાં રોષની લાગણી જોવા મળી હતી.એફ.જી.આઇ, એક્ઝીમ ક્લબ સહિતની અન્ય સંસ્થાઓ દ્વારા ઓફિસ ચાલુ રાખવા માટે વારંવાર રજુઆત કરાઇ હતી. આખરે ઇ.આઇ.એ વડોદરા ઓફિસ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે.

**ગુજરાત સમાચાર**
રવિવાર, તા.૧ સપ્ટેમ્બર, ૨૦૧૯

### સુપ્રીમ કોર્ટના ચુકાદાને આગળ ધરીને

## એમ્પ્લોયર્સને આડેધડ નોટિસો નહી આપવા ઈપીએફઓના અધિકારીઓને સૂચના

વડોદરા,શનિવાર

સુપ્રીમ કોર્ટે બેસિક પગારની ગણતરી અંગે ફેબ્રુઆરી મહિનામાં આપેલા ચુકાદાને આગળ ધરીને ઈપીએફઓ(એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન)ની વિવિધ ઓફિસો દ્વારા એમ્પ્લોયર્સને નોટિસો આપવામાં આવી રહી છે.

આ પૈકી કેટલીક નોટિસો કોઈ પણ પૂરાવા વગર જ ફટકારવામાં આવી હોવાનુ ધ્યાનમાં આવ્યા બાદ ઈપીએફઓ દ્વારા વડોદરા રિજન સહિતની તમામ ઓફિસોને આવી નોટિસો પર આગળ કાર્યવાહી નહી કરવા માટે તાકીદ કરવામાં આવી છે.જો કોઈ અધિકારી પૂરાવા વગર કોઈ એમ્પ્લોયર સામે નોટિસના સંદર્ભમાં કાર્યવાહી કરશે તો તેની સામે પગલા લેવાશે.

એડિશનલ સેન્ટ્રલ પીએફ કમિશ્નર દ્વારા પાઠવવામાં આવેલા પરિપત્રમાં એવી પણ સૂચના અપાઈ છે કે, બેસિક પગારની ગણતરીમાં એમ્પ્લોયર દ્વારા કોઈ ચૂક થતી હોવાનુ ધ્યાનમાં પણ આવે તો કાર્યવાહી કરતા પહેલા સેન્ટ્રલ એનાલિસિસ ઈન્ટેલિજન્સ યુનિટની મંજૂરી લેવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરીમાં કેરાલાના એક કર્મચારીએ કરેલી પિટિશન અંગે આપેલા ચુકાદામાં બેસિક પગારમાં કર્મચારીને અપાતા હાઉસ રેન્ટ અને કન્વેયન્સ એલાઉન્સની ગણતરીને તેના આધારે પીએફ જમા કરાવવા આદેશ આપ્યો હતો.જોકે તેની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ થઈ છે અને હાલમાં તેની સુનાવણી ચાલી રહી છે.

આ ચુકાદાને ટાંકીને અપાઈ રહેલી નોટિસો અંગે વડોદરાના ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ દ્વારા પણ નાણા મંત્રીને પત્ર લખીને નારાજગી દર્શાવાઈ હતી.

**SANDESH** SATURDAY, 7•09•2019

### એફજીઆઈની રજૂઆતના પગલે કેન્દ્ર સરકારનો નિર્ણય

## શહેરની એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સીની ઓફિસ બંધ નહિ થાય

। વડોદરા ।

શહેરમાં આવેલી એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સીની ઓફિસને હવે બંધ નહિ કરવા માટે કેન્દ્ર સરકારના ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.જેના પગલે નિકાસકાર કંપનીઓને રાહતની લાગણીજન્મી છે.એક માહિતી મુજબ ૧૦મી સપ્ટેમ્બર સુધીમાં આ ઓફિસને બંધ કરીને ભરૂચ જિલ્લાના દહેજ ખાતે શરૂ કરવાનું આયોજન હતું.

જોકે ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ દ્વારા તાજેતરમાં જ કેન્દ્ર સરકાર તથા રાજ્યના ઉદ્યોગોના અધિક મુખ્ય સચિવ સમક્ષ આ મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી. આ ઓફિસમાંથી એક્સપોર્ટ માટેના સર્ટિફિકેટ ઓફ ઓરિજિન અને સર્ટિફિકેટ ઓફ હેલ્થની ઈસ્યુ કરવામાં આવતા હતા.જ્યાં સુધી આ અંગે ઓનલાઈન પ્રક્રિયાનો અમલ નહિ થાય ત્યાં સુધી આ ઓફિસ ચાલુ રહેશે.

એફજીઆઈના સેક્રેટરી જનરલ નીતેશ પટેલે જણાવ્યું હતુંકે, એફજીઆઈની સબળ રજૂઆતના પગલે આ ઓફિસ બંધ થતી અટકી છે. ફેડરેશન દ્વારા આગામી સમયમાં પણ વેપાર - ઉદ્યોગોના પ્રશ્નો અંગે વિવિધ સ્તરે રજૂઆત કરવામાં આવશે.

**SANDESH** TUESDAY, 10•09•2019

## કેન્દ્રિય નાણા રાજ્ય મંત્રી અનુરાગ ઠાકુર બુધવારે શહેરની મુલાકાતે

વડોદરા : કેન્દ્રિય નાણાં રાજ્ય મંત્રી અનુરાગ ઠાકુર તા.૧૧મી ને બુધવારે શહેરની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ સાંસદ રંજન ભટ્ટ, FGI અને VCCI, ICAI દ્વારા હોટલ ગ્રાન્ડ મર્કયુરી સૂર્યા પેલેસ ખાતે સાંજે ૪.૪૫ વાગે સંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ નાણાં તથા કોર્પોરેટ એફેર્સને લગતાં વેપાર ઉદ્યોગો તથા કોર્પોરેટ જગતના પ્રશ્નો સંબંધી માર્ગદર્શન પણ આપશે, તેમ VCCIના મંત્રી હિમાંશુ પટેલ તથા FGIના એસજી નિતેશ પટેલે જણાવ્યું હતું.

**ગુજરાત સમાચાર**
ગુરૂવાર, તા.૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૯

### કેન્દ્રના રાજયકક્ષાના નાણામંત્રી અનુરાગ ઠાકુરની વડોદરામાં જાહેરાત

## આવકવેરા વિભાગમાં દશેરાથી ફેસલેસ એસેસમેન્ટ સિસ્ટમ અમલમાં આવશે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,બુધવાર

વડોદરામાં આજે ગણેશોત્વના છેલ્લા દિવસે શ્રીજીના દર્શન અને આરતી માટે આવેલા કેન્દ્રના રાજયકક્ષાના નાણામંત્રી અનુરાગ ઠાકુરે વડોદરાના ઉદ્યોગ, વેપાર અને સેવા સંગઠનોના આગેવાનો સાથે બેઠક કરી હતી જેમાં આ વિવિધ સંગઠનોના આગેવાનોએ સરકારની નીતિઓના કારણે ઉભી થયેલી મુશ્કેલીઓની રજૂઆત કરી હતી.

### 'ભારત-૪' પ્રકારના વાહનોનું માર્ચ ૨૦૨૦ સુધી રજિસ્ટ્રેશન થશે અને જ્યાં સુધી તેની રજિસ્ટ્રેશનની મુદત હશે ત્યા સુધી તે ગાડીઓ રસ્તાઓ પર ફરી શક્શે

અનુરાગ ઠાકુરે કહ્યું હતું કે 'વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં ભારત પાંચ ટ્રીલિયન ડોલરની ઈકોનોમી બનશે. આર્થિક અને ઔદ્યોગિક ક્ષેત્રે સુધારા માટે સરકાર ઘણા ફેરફારો કરી રહી છે. જેમ કે આવકવેરા વિભાગને સૂચના આપી દેવામાં આવી છે કે અગામી દશેરાથી ફેસલેસ એસેસમેન્ટ સિસ્ટમ દાખલ કરી દેવામાં આવશે. જેથી કોઇ અધિકારી કે કર્મચારી સીધો સંપર્ક નહી કરે. ભ્રષ્ટાચાર હટાવવા માટે આ સિસ્ટમ દાખલ કરવામાં આવી છે. ઓટો ઈન્ડસ્ટ્રીઝમાં જે ડર ઉભો થયો છે તે ખોટો છે.

સરકાર એક જ રાતમાં ફેરફરા નથી કરવાની. ભારત-૪ પ્રકારની ગાડીઓનું માર્ચ ૨૦૨૦ સુધી રજિસ્ટ્રેશન થશે અને જ્યાં સુધી તેની રજિસ્ટ્રેશનની મુદત હશે ત્યા સુધી તે ગાડીઓ રસ્તાઓ પર ફરી શક્શે.

જે ઉદ્યોગ વેપારના પૈસા પબ્લિક સેક્ટરમાં ફસાયેલા છે તે પૈસા ઝડપથી છૂટા કરવા આદેશ આપવામાં આવ્યા છે.જીએસટી રિટર્ન માટે પણ હવે રાજ જોવી નહી પડે. મહતમ ૬૦ દિવસમાં જીએસટી રિટર્ન મળી જશે.અનુરાગ ઠાકુરે એમ પણ કહ્યું હતું કે 'રાજા મહારાજાઓનો જમાનો ચાલ્યો ગયો પણ આજના ઉદ્યોગપતિઓ રાજા મહારાજની કક્ષાએ જ છે. રાજા મહારાજાઓની જેમ જ આજના ઉદ્યોગપતિઓએ રાષ્ટ્ર સાથે મિલકત વહેંચણી કરવી જોઇએ' ઉલ્લેખનિય છે કે એફજીઆઇ અને વીસીસીઆઇ દ્વારા કાર્યક્રમનું આયોજન કરાયુ હતું.

#### મેડિકલ ઈન્સ્ટ્રૂમેન્ટ પર જીએસટી ઘટાડવા રજૂઆત

વડોદરાના ડોક્ટરો દ્વારા અનુરાગ ઠાકુર સમક્ષ મેડિકલ ઈન્સ્ટ્રૂમેન્ટ પર ૧૮ ટકા જીએસટી છે તે ઘટાડવા, હોસ્પિટલ માટે વ્યારારિક દરે નહી પરંતુ રહેણાંકના દરે વીજ પુરવઠો આપવા. ટીડીએસ ૧૦ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવા જેવી રજૂઆતો કરવામાં આવી હતી

#### બીએમએ દ્વારા એરકાર્ગો ફેસિલીટી માટે રજૂઆત થઇ

બરોડા મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા અનુરાગ ઠાકુર સમક્ષ રજૂઆત કરાઇ હતી કે વડોદરામાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું એરપોર્ટ તો બની ગયુ પરંતુ હજૂ સુધી એરકાર્ગોની સુવિધાઓ શરૂ થઇ નથી જેના કારણે મધ્ય ગુજરાતના વેપાર ઉદ્યોગને એક્સપોર્ટ માટે અમદાવાદ અથવા તો મુંબઇ એરપોર્ટ પર આધાર રાખવો પડે છે જે ટ્રાન્સપોર્ટની દ્રષ્ટીએ મોંઘુ પડે છે.

#### નાના ઉદ્યોગોના પૈસા પચાવી પાડતા મોટા ઉદ્યોગો 'સમાધાન'યોજનાને ઘોળીને પી ગયા છે

વીસીસીઆઇના પદાધિકારીઓ દ્વારા અનુરાગ ઠાકુરને રજૂઆત થઇ હતી કે વેપારીઓ જીએસટીની ખોટી નોટિસોથી ડરી રહ્યા છે. જે લોકો રેગ્યુલર જીએસટી ભરે છે તેમને પણ નોટિસ મળે છે કે તમારો જીએસટી સમયસર ભરી દો. જો બે ક્વાર્ટરમાં ટેક્સની રકમમાં તફાવત આવે તો આ રકમમાં કેમ તફાવત છે. તેવા સવાલો પુછીને ઈન્કમટેક્સ ઓફિસ દ્વારા પરેશાની કરવામાં આવે છે. નાના ઉદ્યોગો મોટા ઉદ્યોગોને માલ સપ્લાય કરે છે ઘણી વખત એવુ બને છે કે મોટા ઉદ્યોગો નાના ઉદ્યોગને પેમેન્ટ નથી આપતા. આ પ્રકારના વિવાદ માટે સરકારે 'સમાધાન' યોજના બનાવી છે પરંતુ આ યોજનાને મોટા ઉદ્યોગો ઘોળીને પી ગયા છે અને નાના ઉદ્યોગોને પેમેન્ટ મેળવવા માટે સરકારનું પીઠબળ મળતુ નથી.

**જીએસટી ભર્યો હોય તો પણ નોટિસ મળે છે, બે ક્વાર્ટરમાં ટેક્સની રકમમાં તફાવત આવે તો ઈન્કમટેક્સ વિભાગ હેરાન કરે છે**

#### ક્યારેક તો લોકોને આપવાની પણ વાત કરો

#### સરકારના બધા કાયદા લોકો પાસેથી ઉઘરાણીના જ છે

વડોદરામાં કેમિકલ ઉદ્યોગ સાથે સંકળાયેલા જે.એચ.ગાંધીએ શરૂઆત જ એ રીતે કરી કે 'મને હિન્દી કે અંગ્રેજી આવળતુ નથી હું ગુજરાતીમાં જ વાત કરીશ' એટલે અનુરાગ ઠાકુરે માર્મિક રીતે કહ્યું હતું કે 'આજ તો પુરા વિશ્વ ગુજરાતી સમજતા હૈ' જે પછી એચ.જે.ગાંધીએ કહ્યું હતું કે 'સરકાર લોકો પાસેથી ઉઘરાણીના જ કાયદા બનાવી રહી છે ક્યારેક તો લોકોને આપવાની પણ વાત કરો. હું વર્ષે રૂ.૩ કરોડનો ટેક્સ આપુ છું મને સોશિયલ સિક્યોરિટી આપો. તમે અમેરિકાનું અનુકરણ કરીને કાયદાઓ ભારતમાં લાવો છો તો અમેરિકામાં સોશિયલ સિક્યોરિટી કેટલી મજબુત છે તેનું અનુકરણ પણ કરોને

**અમેરિકન કાયદાઓનું અનુકરણ કરો છો તો પછી સોશિયલ સિક્યોરિટી કાયદો લાવો**

# MEDIA BUZZ

દિવ્ય ભાસ્કર વડોદરા, શનિવાર, 21 સપ્ટેમ્બર, 2019

## FGIના ઉપક્રમે એમએસએમઈ સેમિનારમાં મેવાડાનું મંતવ્ય

# વડોદરા પ્રથમથી જ વિકસીત 20 હજાર ઉદ્યોગ આધાર ઈશ્યુ કરાયા

### રાજ્ય સરકાર દ્વારા ખાનગી ઈન્ડસ્ટ્રિયલ પાર્કને પ્રોત્સાહન

બિઝનેસ રિપોર્ટર | વડોદરા



ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ ખાતે લઘુ અને મધ્ય ઉદ્યોગ (એમ.એસ.એમ.ઇ)ની સ્કીમ, સબસિડી અંગે સેમિનાર યોજાયો હતો.

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ ખાતે લઘુ અને મધ્ય ઉદ્યોગ (એમ.એસ.એમ.ઇ)ની સ્કીમ, સબસિડી અને રાજ્ય સરકાર તરફથી થતી સહાય અંગે વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ડી.આઇ.સી.ના જી.એમ હિમાંશુ મેવાડાએ જણાવ્યું હતું કે,વડોદરા પહેલાંથી વિકસીત શહેર છે.અત્યાર સુધી 20 હજાર જેટલા ઓનલાઈન ઉદ્યોગ આધાર ઈશ્યુ કરવામાં આવ્યાં છે.

એમ.એસ.એમ.ઇ પર યોજાયેલા વિશેષ સેમિનારમાંથી ઈન્ડસ્ટ્રીઝ કમિશ્નરેટમાંથી હિમાંશુ મેવાડા, સી.ઇ.ડી સંસ્થામાંથી અર્ચના યાદવ હાજર રહ્યાં હતાં.સેમિનારમાં સરકાર દ્વારા એમ.એસ.એમ.ઇ માટેની સ્કીમ, સબસિડી અને રાજ્ય સરકાર તરફથી થતી સહાય અંગેની માહિતી એમ.એસ.એમ.ઇ ફેસિલિટેટર ઉર્વિ ભટ્ટે માહિતી આપી હતી.ડી.આઇ.સી.ના હિમાંશુ મેવાડાએ જણાવ્યું હતું કે, વડોદરાની આસપાસના ઔદ્યોગિક વિસ્તારો પહેલેથી જ ડેવલપ છે.સરકાર દ્વારા અનેકવિધ રીતે ઉદ્યોગસાહસિકોને મદદ કરવામાં આવી રહી છે.અત્યાર સુધી વડોદરા તથા આસપાસના વિસ્તારમાંથી ઉદ્યોગો માટે ઉપયોગી ઓળખ ઉદ્યોગ આધાર ઓનલાઈન ઈશ્યુ કરવામાં આવ્યા છે.હવે સરકાર દ્વારા ખાનગી ઈન્ડસ્ટ્રિયલ પાર્કને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

---

SANDESH FRIDAY, 27•09•2019

## FGI ખાતે MSME માટે સરકારની યોજના અંગે સેમિનાર યોજાયો

| વડોદરા |

ધી ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ દ્વારા એમએસએમઈ માટે ગુજરાત સરકાર દ્વારા ચલાવાતી વિવિધ પ્રોત્સાહક સ્કીમો, સબસિડી અને સહાયના સંદર્ભમાં સેમિનાર યોજાયો હતો. જેમાં એમએસએમઈ વડોદરા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર અને જોઈન્ટ કમિશનર હિમાંશુ મેવાડા અને એફજીઆઈના ઉપપ્રમુખ અભિષેક ગંગવાલે પણ ઉપસ્થિત યુવાનોને તથા એમએસએમઈના સંચાલકોને સરકારની યોજનાઓનો લાભ લઈને વર્તમાન સ્પર્ધાત્મક સમયમાં આગળ વધવા અનુરોધ કર્યો હતો. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના એમએસએમઈ ફેસિ લિટેશન ડેસ્કના ફેસિલિટેટર ઉર્વી ભટ્ટે પાવર પોઈન્ટ પ્રેઝન્ટે શનમાં નાના ઉદ્યોગથી લઈને મધ્યમ કક્ષાના ઉદ્યોગો માટે શું જરૂરી હોય છે. સરકારની સબસિડી માટે કયા પેપર તૈયાર હોવા જોઈએ? કેવા પ્રકારના ઉદ્યોગો માટે કઈ પ્રોત્સાહક સ્કીમો છે ?, તથા સહાય પણ કઈ રીતે મેળવી શકાય તેની વિગતવાર માહિતી આપી હતી. ગુજરાત સરકાર નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે, ત્યારે તેનો પણ લાભ લેવો જોઈએ તેમ જણાવાયું હતું.

---

લોકસત્તા જનસત્તા સોમવાર ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૯

### વિજયભાઇ રૂપાણીએ વડોદરા નાગરિક સમિતિ દ્વારા આયોજિત ભારત એકતા રેલીને કરાવ્યું પ્રસ્થાન

# પાકિસ્તાન ત્રાસવાદને ઉત્તેજન આપવાનું બંધ કરે મુકાબલો કરવા કચ્છની બહેનો જ પૂરતી : CM



વડોદરા તા.૧૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વડોદરા નાગરિક સમિતિ આયોજિત ભારત એકતા રેલીને પ્રસ્થાન કરાવ્યું હતુ તથા ૩૭૦ અને ૩૫-એ કલમો નાબૂદ કરીને અત્યંત સબળ નેતૃત્વ પૂરવાર કરનારા ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહપ્રધાન શ્રી અમિતભાઈ શાહને અભૂતપૂર્વ જનસમર્થન આપવાની આગવી અને અનોખી પહેલ કરવા માટે વડોદરાના નગરજનોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે જણાવ્યું કે, સરદાર સાહેબે દેશને સ્વરાજ અપાવ્યું અને ગુજરાતના સપૂતો એવા નરેન્દ્રભાઈ મોદી તથા અમિતભાઈ શાહે ઘડીના છઠ્ઠા ભાગમાં ૩૭૦ તેમજ ૩૫-એ કલમ નાબૂદ કરી કન્યાકુમારીથી કાશ્મીર સુધી અખંડ ભારતનું સરદાર સાહેબનું સ્વપ્ન સાકાર કર્યું છે. કાશ્મીર ભારતનું કિરીટ છે એમ જણાવ્યું હતું. પાકિસ્તાન ત્રાસવાદને ઉત્તજેન આપવાનું બંધ કરે એનો મુકાબલો કરવા કચ્છની વીરાંગના બહેનો જ પૂરતી છે એવી લાગણી વ્યક્ત કરતા શ્રી રૂપાણીએ વધુમાં કહ્યુ કે, પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન શેખી મારવાનું બંધ કરે અને પાકિસ્તાન ત્રાસવાદને ઉત્તેજન આપવાનું બંધ કરે ઈમરાન ખાન ભૂતકાળને યાદ કરે જ્યારે પાકિસ્તાનના ટૂકડા થયા અને કરાંચી પાકિસ્તાનના હાથમાંથી જતું માંડ બચ્યું બાંગ્લાદેશનું સર્જન થયું અને એક લાખ સૈનિકોને ભારતે બંદી બનાવ્યા એમાંથી બોધપાઠ લે.

અનુસંધાન પાન નં.૯...

પાકિસ્તાન ત્રાસવાદને...

તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીના સશક્ત નેતૃત્વ હેઠળ હવે ભારત પીઓકે માટે કાર્યવાહી કરવા સુસજ્જ છે, પીઓકે ભારતનું છે અને તેના માટે તૈયાર રહેવાની જરૂર છે.

મુખ્યમંત્રીશ્રીએ, પૂર્વપ્રધાનમંત્રી સ્વ.શ્રી અટલ બિહારી બાજપાઈજીની દેશ જમીન કા ટૂકડા નહિ જીતા જાગતા રાષ્ટ્રપુરૂષ હૈ એ પંક્તિઓયાદ કરી જણાવ્યું કે, ૩૭૦ અને ૩૫-એ કલમને કારણે દેશ આઝાદ થયો ત્યારે એક કસર રહી ગઈ.

સરદાર સાહેબે તમામ રજવાડાઓને એકત્ર કરી ભારતમાતાની તસ્વીર બનાવી પરંતુ કાશ્મીરની બાબત નહેરુ સંભાળતા હોવાથી ત્યાં બે બંધારણ, બે ધ્વજ અને બે પ્રધાનમંત્રી હોય તેવી વરવી પરિસ્થિતિનું સર્જન થયું હતુ, આ અલગ કાશ્મીરનો વાદ ખૂબ ખૂંચતો [illegible] કોઈનું સાંખી લેવા તૈયાર નથી અને ભારતના નાગરિકો ભારતના કલ્યાણ સુખ સમૃધ્ધિ માટે બલિદાન આપવા તૈયાર છે, તેવી વાત પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કરી હતી. નવો ઈતિહાસ રચવા, સક્ષમ, સમૃધ્ધ અને મજબૂત ભારત માટે એક બનીએ નેક બનીએ. આઝાદીની લડત વખતે ડાય ફોર ધ નેશન ની ભાવના હતી અને હવે લીવ ફોર ધ નેશનને અનુસરીએ.

મુખ્યમંત્રીશ્રીએ ૩૭૦ કલમની નાબૂદીના પ્રતિકરૂપે ૩૭૦ બલૂનને હવામાં તરતા મૂક્યા હતા અને રેલીને પ્રસ્થાન કરાવ્યું હતુ. તેમની સાથે ગુજરાત વિધાનસભા અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, નર્મદા વિકાસ રાજયમંત્રીશ્રી યોગેશભાઈ પટેલ, સાસંદશ્રી રંજનબેન ભટ્ટ, મેયર ડૉ. જીગીશાબેન શેઠ, વડોદરા નાગરિક સમિતિના અધ્યક્ષ શ્રી સમરજીતસિંહ ગાયકવાડ, ધારાસભ્યશ્રીઓ સહિતના મહાનુભાવો જોડાયા હતા.

આ રેલીનું નેતૃત્વ વડોદરાવાસી કાશ્મીરી પંડિતોના સંગઠન-કાશ્મીર સભા અને ગાયત્રી પરિવારે કર્યુ હતુ. મુખ્યમંત્રીશ્રીએ વડોદરાવાસી કાશ્મીરીઓનું તેમજ સંતો અને ધર્મગુરૂઓનું ભાવભીનું અભિવાદન કર્યુ હતુ. આદિવાસી નૃત્યમંડળીઓ અને શહેરવ્યાપી ૧૫ જેટલા મંચો પરથી સાંસ્કૃત્તિક કાર્યક્રમો, ભજનો, ગુરૂબાણી, મંત્રોચ્ચાર, યજ્ઞો દ્વારા રેલીને વધાવી [illegible] પ્રાર્થનાઓ દ્વારા શુભકામનાઓ પાઠવી હતી. રેલીના સમાપન સ્થળે ૩૭૦ ફૂટ લંબાઈ ધરાવતા સિગ્નેચર બોર્ડ પર મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ, મહાનુભાવો અને વડોદરાના નગરજનોએ પોતાના હસ્તાક્ષર કરીને પ્રધાનમંત્રીશ્રી તેમજ ગૃહમંત્રીશ્રીને તેમના રાષ્ટ્રવાદી નેતૃત્વને અનોખું સમર્થન આપ્યું હતુ.

શાબ્દિક સ્વાગત કરતા વડોદરા નાગરિક સમિતિના અધ્યક્ષ શ્રી સમરજીતસિંહ ગાયકવાડે કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રી તેમજ ગૃહમંત્રીશ્રીએ તેમની લીડરશીપ બતાવી કાશ્મીરને ભારતો અગત્યનો હિસ્સો બનાવ્યો છે. તેમના આ નિર્ણયને સમર્થન આપવા વડોદરા નાગરિક સમિતિએ આ આયોજન કર્યુ છે. હું વડોદરાવાસીઓના રાષ્ટ્રપ્રેમ અને જોશને બિરદાવું છું.

એનસીસી કેડેટ્સ તેમજ એમ. એસ. યુનિવર્સિટી, જીએસએફસી યુનિવર્સિટી, પારુલ યુનિવર્સિટી, બાબરીયા યુનિવર્સિટી, નવરચના યુનિવર્સિટી, સિગ્મા સહિતની વિવિધ શાળાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, જુદી-જદી ધાર્મિક સંસ્થાઓ, વેપાર-ઉદ્યોગ મંડળો, જ્ઞાતિ અને અન્ય સંગઠનો, મંડળોએ આ રેલીમાં જોશ અને ઉમંગભેર ભાગ લીધો હતો.

---

SANDESH MONDAY, 16•09•2019

## ‘ભારત એકતા કૂચ’ને CM વિજય રૂપાણીએ પ્રસ્થાન કરાવ્યું



મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા પ્રદર્શન મેદાન ખાતે ઊમટી પડેલા માનવ મહેરામણ વચ્ચે ‘ભારત એકતા કૂચ’ને પ્રસ્તાન કરાવાયું હતું. મુખ્યમંત્રીએ પાકિસ્તાનને જવાબ આપવાનું કહેતાં જ મોદી.. મોદી..ના નારા લાગ્યા હતા.

# કલમ - ૩૭૦ હટાવ્યા પછી હવે PoK માટે તૈયાર રહેજો : સીએમ

### મુખ્યમંત્રીનો ઈમરાન ખાનને જડબાતોડ જવાબ, શેખી મારવાનું બંધ કરો

| વડોદરા |

વડોદરા નાગરિક સમિતિના નેજા હેઠળ ‘ભારત એકતા કૂચ’ને આજે શહેરના પ્રદર્શન મેદાનેથી પ્રસ્થાન કરાવવાના પ્રસંગે ખાસ ઉપસ્થિત રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાન ખાનને જડબાતોડ જવાબ આપ્યો હતો અને કહ્યું કે, પાકિસ્તાન સૈન્યને હિન્દુસ્તાન અને પીઓકે તરફ જવાની તૈયારીઓ કરવાનુ કહેનાર પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન શેખી મારવાનુ બંધ કરે. ભારતના વડા પ્રધાન હવે નરેન્દ્ર મોદી છે અને તેઓ કંઈ સાંખી લે તેવા નથી. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ -૩૭૦ હટી ગઈ હવે પીઓકે પણ આપણુ છે અને હવે પછી પીઓકે માટે તૈયાર રહેજો તેમ બુલંદ અવાજે કડક શબ્દોમાં વિજય રૂપાણીએ કહેતા વિશાળ મેદાનમાં હાજર માનવ મહેરામણમાંથી એક જ અવાજ ઉઠ્યો હતો મોદી...મોદી...મોદી...

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉમેર્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે દેશના તમામ રાજા રજવાડાઓને એક કરીને ભારત માતાની કલ્પના કરી હતી, પરંતુ દેશ આઝાદ થયો ત્યારે એક કલંક રહી ગયું હતું. તે સમયે નહેરૂ બધુ સંભાળતા હતાં. બંધારણમાં કલમ -૩૭૦ અને ૩૫-એ હતી જેના કારણે બે વિધાન, બે નિશાન અને બે વડાપ્રધાન હતાં. જે સૌને ખટકતુ હતુ. સ્વ. બાજપાયીએ કહ્યું હતું કે, ‘યે દેશ કોઈ ભુમિ કા ટૂકડા નહીં હૈ, યે જીતા જાગતા પુરુષ હૈ’. સરદાર વલ્લભભાઈ પટેલ અને મહાત્મા ગાંધીએ દેશને સ્વરાજ અપાવ્યુ, તે જ રીતે નરેન્દ્ર મોદી અને અમિત શાહે કલમ -૩૭૦ અને ૩૫-એને દૂર કરવાનો ઐતિહાસિક નિર્ણય લઈને દેશને કશ્મીરથી કન્યાકુમારી સુધી એક કર્યો છે તેમ કહેતા ચિક્કાર માનવ મહેરામણથી ઊભરાતા પ્રદર્શન મેદાન પરથી એક જ નારો લાગ્યો હતો મોદી..મોદી...મોદી...

વધુમાં તેમણે જણાવ્યું હતુંકે, ૩૭૦ અને ૩૫-એ રદ કરાતા કેટલાક દેશ વિરોધી તત્વોના પેટમાં તેલ રેડાયું છે. પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાન ખાન ડંફાસો મારે છે અને પાકિસ્તાનની સેનાને કહે છે કે હિન્દુસ્તાન અને પીઓકે તરફ જવા તૈયાર રહો. હું ઈમરાન ખાનને કહેવા માંગુ છું કે ભૂતકાળ જોઈલો અને પછી બોલો. ઈમરાન ખાન સેખી મારવાનુ બંધ કરે. તમારા પાકિસ્તાનના સૈન્યની સામે અમારી કચ્છની બહેનો જ કાફી છે. આતંકવાદ અને ત્રાસવાદને ઉત્તેજન આપવાનુ પાકિસ્તાન બંધ કરી દે. ભારતના વડા પ્રધાન હવે નરેન્દ્ર મોદી છે અને તેઓ આવુ કંઈ પણ સાખી નહીં લે. તેઓ ઈંટનો જવાબ પથ્થરથી આપે છે. ૩૭૦ની કલમ હટી ગઈ છે. પીઓકે પણ આપણુ છે અને હવે પીઓકે માટે તૈયાર રહેજો. આવનારા દિવસોમાં દેશની જનતાને સાથે રાખીને પીઓકે માટે ભારત સરકાર આગળ વધશે. હવે ભારત પહેલા જેવુ નથી, હવે ભારત એક થયુ છે અને ભારત માતા માટે બલિદાન આપવા તૈયાર છે. ભારત સામે કોઈ આંખ ઉંચે કરશે તો આંખ ફોડી નાખવાની તાકાત છે તેમ કહેતા ચારેબાજુથી એક જ નારા લાગ્યા હતાં મોદી... મોદી... મોદી...

રૂપાણીએ ઉમેર્યું કે, આ નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળુ ભારત છે. ત્યારે આવનારા દિવસોમાં ભારતને વધુ મજબૂત કરાશે. પહેલા ડાય ફોર નેશન આપણુ સૂત્ર હતું અને હવે લીવ ફોર નેશન આપણુ સુત્ર છે તેમ કહ્યું હતું.

**એકતા કૂચમાં કયા અગ્રણીઓની હાજરી ?**

આ પ્રસંગે વડોદરા નાગરિક સમિતિના અધ્યક્ષ શ્રીમંત મહારાજા સમરજીતસિંહ ગાયકવાડની સાથે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, રાજ્ય મંત્રી યોગેશ પટેલ, સાંસદ રંજનબેન ભટ્ટ, ધારાસભ્ય જીતુ સુખડિયા, મનિષાબેન વકીલ, સીમાબેન મોહિલે, પ્રદેશ ઉપાધ્યક્ષ ભાર્ગવ ભટ્ટ, પ્રદેશ મહામંત્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ, મેયર ડો. જિગિષાબેન શેઠ, ડેપ્યુટી મેયર ડો. જિવરાજ ચૌહાણ, મેરેથોનના ચેરપર્સન તેજલ અમીન, ગુજરાત વેપારી મહામંડળના મહાજન સંકલન સ્ટાફ ફોર્સના ચેરમેન નિલેશ શુક્લ, એફજીઆઈના પૂર્વ પ્રમુખ ગીતા ગોરડીયા, સહિતના અગ્રણીઓ, મ્યુનિ.કમિશનર એન.બી. ઉપાધ્યાય, જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ, ધર્મગુરુઓ અને સંતો-મહંતોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

---

દિવ્ય ભાસ્કર વડોદરા, સોમવાર, 16 સપ્ટેમ્બર, 2019

વડોદરા

### ‘ભારત એકતા કૂચ’ને CM વિજય રૂપાણી દ્વારા ફલેગ ઓફ

# પાકિસ્તાનના ત્રાસવાદનો મુકાબલો કરવા કચ્છની વીરાંગનાઓ જ પૂરતી છે : CM

### સરકારને અભિનંદન આપતી રેલીમાં 4 હજારથી વધુ લોકો ત્રિરંગા સાથે જોડાયાં

સિટી રિપોર્ટર | વડોદરા

શહેરના પોલો ગ્રાઉન્ડ ખાતે મહારાજા સમરજીતસિંહ ગાયકવાડની આગેવાનીમાં 370ની કલમ દૂર કરવા મામલે કેન્દ્ર સરકારને અભિનંદન આપતી રેલી ‘ભારત એકતા કૂચ’ યાત્રાનું આયોજન કરાયું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૩૭૦ કલમની નાબૂદીના પ્રતીકરૂપે ૩૭૦ બલૂનને હવામાં તરતાં મૂક્યા બાદ ફ્લેગ ઓફ કરાવી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીને પ્રસ્થાન કરાવતાં પહેલાં મુખ્યમંત્રીએ પોતાના ભાષણમાં પાકિસ્તાનના ઈમરાન ખાનને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, પાકિસ્તાન ત્રાસવાદને ઉત્તજેન આપવાનું બંધ કરે. એનો મુકાબલો કરવા કચ્છની વીરાંગના બહેનો જ પૂરતી છે. વિજય રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે,પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન શેખી મારવાનું બંધ કરે , ઈમરાન ખાન ભૂતકાળને યાદ કરે જ્યારે પાકિસ્તાનના ટુકડા થયા અને કરાંચી પાકિસ્તાનના હાથમાંથી જતું માંડ બચ્યું.બાંગ્લાદેશનું સર્જન થયું હતું. પ્રધાનમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીના સશક્ત નેતૃત્વ હેઠળ હવે ભારત પીઓકે માટે કાર્યવાહી કરવા સુસજ્જ છે, પીઓકે ભારતનું છે અને તેના માટે તૈયાર રહેવાની જરૂર છે. પ્રદર્શન મેદાન ખાતે બપોરે 3 વાગ્યાથી જ ભારત વિકાસ કૂચમાં સામેલ થવા માટે શહેરની યુનિ.ના વિદ્યાર્થીઓ, અલગ-અલગ સમાજના લોકો, સાધુ-સંતો, ડોક્ટર એસોસિયેશન, વેપારી એસોસિયેશન તેમજ શહેરમાં વસતા કાશ્મીરી પંડિતો મળી 4 હજારથી વધુ લોકો હાથમાં ત્રિરંગા પકડીને મેદાનમાં હાજર રહ્યાં હતાં. સાંજે 5:30 વાગ્યાની આસપાસ ભારત વિકાસ કૂચ યાત્રા પોલોગ્રાઉન્ડથી શરૂ થઈને ભગતસિંહ ચોક,ગાંધીનગર ગૃહ, અમદાવાદી પોળ,ટાવર ચાર રસ્તા થઈ કોઠી ચાર રસ્તા ખાતે પૂર્ણ થઈ હતી. જ્યારે અલગ-અલગ સમાજના લોકો દ્વારા વિવિધ 15 સ્થળો પર આ યાત્રાનું સ્વાગત પણ કરાયું હતું. જ્યારે અમદાવાદી પોળ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ, માર્કેટ ચાર રસ્તા ખાતે બ્રહ્મ સમાજ દ્વારા વેદમંત્રોચ્ચાર, તેમજ બીએપીએસ સંસ્થા દ્વારા ભજન-કીર્તનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.



ભારત એકતા કૂચની રેલી પ્રદર્શન મેદાન ખાતે મુખ્યમંત્રીના હસ્તે રેલીનું પ્રસ્થાન થયું હતું રેલીના આયોજન માટે સાંસદ રંજનબેન ભટ્ટે ભારે જહેમત ઊઠાવી હતી.

### કોઠી ચાર રસ્તા ખાતે 370 ફૂટ લાંબો ફ્લેક્ષ લગાવાયો

કોઠી ચાર રસ્તા ખાતે 370 ફૂટ લાંબા ફ્લેક્ષ પર સિગ્નેચર કરવામાં આવશે. કોઠી ચાર રસ્તા ખાતે 370 ફૂટ લાંબો ફ્લેક્ષ લગાવવામાં આવ્યો છે. આ યાત્રા કોઠી ચાર રસ્તા ખાતે પહોંચતાં જ યાત્રામાં જોડાનાર લોકો આ ફ્લેક્ષ પર સહી કરીને કેન્દ્ર સરકારના નિર્ણયને સમર્થન આપશે.

### હવે કાશ્મીરી ભાષા અને પરિધાનને ઓળખ મળશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કાશ્મીરમાંથી 370 અને 35 એની કલમને નાબૂદ કર્યા બાદ જમ્મુ-કાશ્મીરના લોકોને સાચા અર્થમાં આઝાદી મળી છે. જ્યારે હવે લુપ્ત થઈ રહેલી કાશ્મીરી ભાષા અને તેમના પરિધાનને પણ ઓળખ મળશે. » ડો.પલ્લવી, કાશ્મીરી પંડિત

# MEDIA BUZZ

SANDESH SUNDAY, 7•07•2019 VADODARA

એફજીઆઇ ખાતે બજેટની આવકવેરાની અસરો વિશે વિશ્લેષણ કરાયું

## US મોડેલનું દેશમાં અનુકરણ, સુપર રિચ પર વધુ ટેક્સ

**બજેટ-૨૦૧૯** ભારતનું અર્થતંત્ર ૫ ટ્રિલિયન ડોલર બનાવવા માટે જરૂરી પગલાં બજેટમાં નથી : મિલિન મહેતા

। વડોદરા ।

ભારતનું અર્થતંત્ર આગામી પાંચ વર્ષમાં ૫ ટ્રિલિયન ડોલરનું બનાવવા માટે લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જોકે ભારત સરકાર દ્વારા એક તરફ ઉંચો લક્ષ્યાંક સામે જરૂરી પગલાં લેવામાં આવ્યા નથી તેમ જાણીતા કરવેરા સલાહકાર મિલિન મહેતાએ બજેટનું વિશ્લેષણ કરતાં જણાવ્યું હતું.



મિલિન મહેતા

તેમણે જણાવ્યું હતુંકે, ભારતનું અર્થતંત્ર પાંચ ટ્રિલિયન ડોલરનું બનાવવા માટે કેન્દ્રિય નાણાંમંત્રી નિર્મલા સિતારામન જરૂરી પગલાં લેશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. બીજી તરફ અમેરિકન મોડલને અનુસરીને સુપર રીચ કરદાતાઓ ઉપર ઈન્કમટેક્સનું પ્રમાણ વધારવામાં આવ્યું છે, જે પોલીસી રિવર્સલ છે. વર્ષો અગાઉ ઈન્કમટેક્સનો મહત્તમ દર ૪૦ ટકા હતો તે ઘટાડીને ૩૦ ટકા લાવવામાં આવ્યો હતો. હવે પાછી ૪૨ ટકા પર લઇ જવામાં આવ્યો છે. દેશના ૮૦૦૦ સુપર રીચ કરદાતાઓને આ ટેક્સની અસર પડશે. જેમાં મોટાભાગના તો પગારદાર સુપર રીચ કરદાતા છે. હવે ડોકટરો અને વકીલો સહિતના સુપર રીચ કરદાતાઓ તેમની ઉપરના આવકવેરાનું ૪૪ ટકા પરથી ઘટાડીને ૩૯ ટકા લઇ જવા માટે પાર્ટનરશીપ ફર્મ ઉભી કરશે.

### બજેટમાં ડાયરેક્ટ ટેક્સની કોઇ જ વાત નથી

આગામી ૩૧મી જુલાઇના રોજ ડાયરેક્ટ ટેક્સ કોડ માટે રચાયેલી ઉચ્ચસ્તરિય સમિતિ તેનો અહેવાલ રજૂ કરશે.બજેટમાં આ સંદર્ભમાં કોઇ જ વાત નથી. ડાયરેક્ટ ટેક્સ કોડના અમલની દિશામાં સરકાર કોઇ પગલાં લેવા માગે છે કે કેમ ? તેની કોઇ જ માહિતી મળી નથી.

### આર્થિક સરવેમાં જણાવવામાં આવેલી બાબતો બજેટમાં નથી

આર્થિક સરવેમાં જે બાબતો જણાવવામાં આવી હતી તેનું કોઇ જ પ્રતિબિંબ બજેટની જાહેરાતમાં જોવા મળ્યું નથી.એમ લાગે છેકે, આર્થિક સરવે અન્ને બજેટની ભાષા જ અલગ જોવા મળી છે. આર્થિક સરવેમાં જે બાબતો પર ભાર મુકાયો હતો તેમાં મૂડીરોકાણને પ્રોત્સાહન, લોકોના વર્તનમાં ફેરફાર લાવવો અને નીતિઓ સ્થિતિસ્થાપક બનાવવી,નો સમાવેશ હતો.બજેટમાં મૂડીરોકાણને પ્રોત્સાહન અપાયું હોય તેમ ખાસ લાગ્તું નથી.

### એસ્ટેટ ડ્યૂટી અમલી ન બનતાં ઉદ્યોગોને રાહત

ઉદ્યોગ જગતમાં એવી વાત ચાલતી હતીકે, એસ્ટેટ ડ્યૂટી સરકાર નાંખશે. જોકે નિર્મલા સિતારામને આ અંગેની કોઇ જ જાહેરાત ન કરતાં ઉદ્યોગ જગતને રાહતની લાગણી જન્મી છે.

### યુરોપની મેગા મેન્યૂફેક્ચરિંગ ઉદ્યોગોની નીતિનું અનુકરણ

યુરોપમાં હાલ મેગા મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગોને સબસિડી ની નીતિ અમલી છે. હવે ભારતમાં પણ આ નીતિ મુજબ સેમિકન્ડકટર, કોમ્પ્યુટર હાર્ડવેર, સોલાર પેનલ સહિતના ઉપકરણોના ઉત્પાદન માટે મેગા મેન્યુફેક્ચરિંગ યુનિટ જે લાવે તેને સબસિડી સહિતના લાભ આપવાની વાત છે. જોકે આ પહેલાં સરકાર આ કંપનીથી કેટલી રોજગારી મળશે, અર્થતંત્રને કેટલો ફાયદો થશે, વેલ્યુએડિશન કેટલું થશે, કેટલી ટેકનોલોજી આવશે, કેટલો ટેક્સ મળશે, તે સહિતની બાબતોની સમીક્ષા દ્વારા નિર્ણય લેવાશે.

### વૈશ્વિક આર્થિક પરિબળોના કારણે વધુ રાહતો ઉપર બ્રેક

વૈશ્વિક આર્થિક પરિબળોના કારણે કેન્દ્ર સરકારે વધુ રાહતો ઉપર બ્રેક મારી હોવાનું મનાય છે. આઇએમએફ દ્વારા જ ભારતનું અર્થતંત્ર જીડીપીના ૭.૨ ટકાના દરે વૃધ્ધિ પામશે તેવો અંદાજ છે , જેની સામે કેન્દ્ર સરકારે જ સંરક્ષણાત્મક પગલાં લઇને અર્થતંત્ર જીડીપીના ૭ ટકા વધશે તેમ જણાવ્યું છે. સરકારને ગયા વર્ષે રૂ.૧૩ લાખ કરોડની આવક થઇ હતી જેની સામે આ વર્ષે ૧૬ લાખ કરોડની જરૂર પડશે તેવો અંદાજ છે.આમ ૩૦ ટકા વધુ આવક માટે હવે પેટ્રોલ, ડિઝલ પર ટેક્સ નાંખ્યો છે.

### પ્રમાણિક કરદાતાઓએ કોઇ જ ડર રાખવાની જરૂર નથી

ખેડૂતો જો પોતાના ખાતામાં રૂ.૧ કરોડના ચેક જમા કરાવશે તો પણ તેણે રિટર્ન ભરવું પડશે. સરકાર હવે અમેરિકન ટેક્સ સિસ્ટમ મુજબ કરદાતાની તમામ પ્રકારની માહિતી બેંકો, પોસ્ટ, સ્ટોક એક્સચેંજ, રિઅલ એસ્ટેટ, સબ રજિસ્ટ્રાર કચેરી સહિતના સ્ત્રોતમાંથી એકત્ર કરીને આગામી સમયમાં તેના રિટર્નમાં આવક, ટીડીએસ સહિતની બાબતો દર્શાવશે. અમેરિકામાં આ સિસ્ટમ છે.જેથી કરદાતા પોતાની કોઇ જ પ્રકારની આવક છુપાવી નહિ શકે. પ્રમાણિક કરદાતાઓએ કોઇ જ પ્રકારનો ડર રાખવાની જરૂર નથી.

યુરોપની માફક ભારતમાં ઈઝ ઓફ લિવિંગ પર ભારથી વધુ વિદેશીઓ કામ માટે આવશે

## પેમેન્ટ પ્લેટફોર્મથી મધ્ય ગુજરાતની MSMEને સમયાસર નાણાં મળશે

। વડોદરા ।

કેન્દ્રિય બજેટથી મધ્ય ગુજરાતની એમએસએમઈને વ્યાપક લાભ થશે તેમ બહાર આવ્યું છે. કેન્દ્રિય બજેટમાં નાણાંમંત્રી નિર્મલા સિતારામને જે જોગવાઈઓ કરી છે તેનાથી વડોદરામાં આવેલી જાહેર ક્ષેત્રની કંપનીઓ તથા કેન્દ્ર સરકારની કચેરીઓ જેવી કે રેલવે, પોસ્ટ વગેરે દ્વારા એમએસએમઈને ચૂકવવામાં આવતા નાણાંમાં વિલંબની ફરિયાદો હતી તે હવે નહિ રહે. કેન્દ્રિય કચેરીઓ તથા આઈઓસી, ગેઈલ,ઓએનજીસી, હેવી વોટર પ્રોજેક્ટ, જીએસએફસી, જીએસીએલ સહિતની મહત્વની કંપનીઓ દ્વારા મધ્ય ગુજરાતની સ્થાનિક એમએસએમઈ કંપનીઓ પાસેથી વિવિધ યંત્રસામગ્રી , સેવા માટેના પેમેન્ટમાં ઘણી વખત વિલંબ થતો હોવાની ફરિયાદો ઉઠી હતી.

કેન્દ્રિય બજેટમાં હવે સરકારી અને જાહેર ક્ષેત્રની કંપનીના નાણાંની ચૂકવણી માટે પેમેન્ટ પ્લેટફોર્મની જાહેરાત થઈ છે. જેથી હવે એમએસએમઈને નાણાંભીડની સમસ્યા બીલના પેમેન્ટ સમયસર ન આવતા જોવા મળતી હતી તે હવે નહિ રહે તેમ એસઈઇ લિંકેજીસ પ્રા.લિ.ના એમડી અને સીઆઈઆઈના અગ્રણી ભાવિકા ખેરાએ જણાવ્યું હતું

દેશમાં ૭૫૦૦૦ હજા સ્કીલ સેન્ટર દ્વારા ૧૮ લાઈવલીહુડ બિઝનેસ ઈન્ક્યુબેટર્સ અને ૨૦ ટેક ઈન્ક્યુબેટર્સની જોગવાઈ કરવામાં આવી છે, ત્યારે વડોદરાને સીધો લાભ થશે. વડોદરા ઔદ્યોગિક શહેર છે અને અહીં સ્કિલ સેન્ટરથી લાભ થશે આ ઉપરાંત સ્થાનિક યુવાનો માટે રોજગારીની તકો પણ વધશે તેમ સ્કિલટેલીજન્ટ સોલ્યુસન્સ પ્રા.લિ.ના ડિરેક્ટર અતુલ ગર્ગે જણાવ્યું હતું.

રેલવે ઈન્ફ્રાસ્ટ્રકચરમાં રૂ.૫૦ લાખ કરોડનું રોકાણ ૨૦૩૦ સુધી કરવામાં આવશે. પીપીપી મોડલના અમલ ઉપર પણ ભાર મુકવામાં આવ્યો છે ત્યારે પેસેન્જર અને ફ્રેઈટની ઝડપી હેરફેર થશે. અર્થતંત્રની કરોડરજ્જુ પાયાની સુવિધાઓ હોયછે. આથી કન્સ્ટ્રકશનમાં વપરાતા સાધનો જેવા કે લોખંડ, વાહનો, સિમેન્ટ સહિતની માગ વધતાં સ્થાનિક રોજગારી પણ વધશે તેમ કેવાયબી કોન્મેટના એમડી પ્રેમરાજ કશ્યપે જણાવ્યું હતું.

સ્કોટ ગ્લાસ ઈન્ડિયા પ્રા.લિના પ્રેસિડેન્ટ જ્યોર્જ સ્પાર્સચૂહે જણાવ્યું હતુંકે, યુરોપિયન દેશોની માફક ભારતમાં પણ હવે ઈઝ ઓફ લિવિંગ ઉપર ભાર મુકવામાં આવ્યો છે. બજેટમાં આ અંગે મહત્વ આપવામાં આવ્યું છે તે આનંદની વાત છે. ટેનન્સી કાયદામાં સુધારો, ઈન્કમટેક્સ વિભાગમાં પાન અને આધારનો ઉપયોગ સહિતની જોગવાઈઓ મહત્વની રહી છે.

---

ગુજરાત સમાચાર રવિવાર, તા.૭ જુલાઈ, ૨૦૧૯

સુપર રીચ કેટેગરીમાં આવતા લોકોની સંખ્યા ૮૦૦૦ છે

## સરકારે અમેરિકન અને યુરોપિયન મોડેલનું અનુકરણ કર્યુ છે

વડોદરા,શનિવાર

મોદી સરકારની બીજી ઈનિંગના પહેલા બજેટને જોતા અમુક બાબતોમાં અમેરિકા અને યુરોપના મોડેલનુ અનુકરણ કર્યુ હોય તેમ લાગે છે તેમ સીએ મિલિંદ મહેતાએ બજેટ એનાલિસિસમાં કહ્યુ હતુ.

### એફજીઆઈમાં બજેટ એનાલિસિસ કરાયું: ૪૨ ટકા જેટલા આકરા ટેક્સથી બચવા માટે પ્રોફેશનલ્સ પાર્ટનરશિપ ફર્મ બનાવવાનુ વિચારશે

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ દ્વારા બજેટ એનાલિસિસ માટેના કાર્યક્રમમાં બોલતા તેમનુ કહેવુ હતુ કે, સરકારે ભારતના અર્થતંત્રને પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનાવવા માટેનુ લક્ષ્ય રાખ્યુ છે પણ બજેટમાં તેના માટેના જરુરી પગલા ભર્યા હોય તેવુ દેખાઈ રહ્યુ નથી.આર્થિક સર્વેમાં જે મુદ્દાઓનો ઉલ્લેખ હતો તેમાંના ઘણા બજેટમાં જોવા મળ્યા નથી.ભારતમાં ૨ કરોડથી વધુ કમાણી કરનારા સુપર રીચ લોકોની સંખ્યા સત્તાવાર રીતે ૮૦૦૦ જેટલી છે.જેમાંથી પણ કેટલાક પગારદારો છે.તેમના પરનો ટેક્સ ૪૨ ટકા સુધીનો કરીને અમેરિકન મોડેલનુ અનુકરણ કર્યુ હોય તેમ લાગે છે. એક સમયે સુપર રીચ કેટેગરીમાં આવતા લોકો પરનો ટેક્સ ઘટાડ્યો હતો.જે ફરી વધાર્યો છે.જેનાથી બચવા માટે વ્યવસાયીઓ પાર્ટનરશિપ ફર્મ બનાવી દે તો નવાઈ નહી.કારણકે પાર્ટનરશિપ ફર્મમાં ઓછો ટેક્સ ભરવો પડે છે.

**કોઈ નાણાકીય વ્યવહારો સરકારથી છુપા નહી રહે**

હવે સરકાર જે પ્રકારે પાન કાર્ડ અને આધાર કાર્ડના ઉપયોગને દરેક નાણાકીય વ્યવહાર સાથે જોડી રહી છે તે જોતા અમેરિકાની જેમ ભારતમાં પણ કરદાતાની કોઈ વિગત સરકારથી છુપી નહી રહે.રિટર્ન ફાઈલ કરતાની સાથે જ તમામ નાણાકીય ટ્રાન્ઝેક્શન ઈનકમટેક્સ વિભાગ સામે આવી જશે.જોકે આ પ્રકારની વ્યવસ્થાથી પ્રમાણિક કરદાતાએ ડરવાની જરુર નથી.

મિલિંદ મહેતાએ કહ્યુ હતુ કે, સરકારે બજેટમાં મેગા ઈન્ડસ્ટ્રિયલ પાર્કની સ્થાપના કરવાની અને મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે ઉદ્યોગોને વિવિધ રાહતો આપવાની જે યોજના બનાવી છે તેની પ્રેરણા યુરોપિયન મોડેલમાંથી લીધી હોય તેમ લાગે છે.

ઉદ્યોગોને અપેક્ષા હતી કે, સરકાર એસ્ટેટ ડ્યુટી નાંખશે પણ તે નાંખી નથી તેટલી રાહત છે.ડાયરેક્ટ ટેક્સ અંગે બજેટમાં બહુ ઓછો ઉલ્લે કરાયો છે.વૈશ્વિક સ્તરે આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે બજેટ રજૂ કરાયુ હોય તેવુ લાગે છે.પેટ્રોલ-ડિઝલ પર સેસ નાંખીને સરકાર ટેક્સ કલેક્શન ૧૩ લાખ કરોડ રુપિયાથી વધારીને ૧૬ લાખ કરોડ રુપિયા કરવા માંગે છે.

---

ગુરુવાર ૪ જુલાઇ, ૨૦૧૯ લોકસત્તા જનસત્તા

સીએ બરોડા બ્રાન્ચ ખાતે પ્રિ બજેટ ચર્ચા યોજાઈ : ઉદ્યોગોના સંગઠનો, કલેક્ટર, મેયર, ડે. મેયર ઉપસ્થિત રહ્યાં

## વિશ્વની મજબૂત, મોટી આર્થિક સત્તા બનવા ભારતની આગેકૂચ :કલેકટર

વડોદરા, તા.૩

ભારત વિશ્વની સૌથી મજબૂત અને મોટી આર્થિક સત્તા બનવા તરફ ઝડપભેર આગળ વધી રહ્યું છે જેનો પાંચ ટ્રિલિયનનો લક્ષ્યાંક આઠ વર્ષમાં બમણો દસ ટ્રિલિયન થઈ જશે એવો આત્મવિશ્વાસ વડોદરા જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલે વ્યક્ત કર્યો હતો અને તેઓએ સીએ બરોડા બ્રાન્ચ ખાતે પ્રિ-બજેટ ચર્ચામાં બોલતાં જણાવ્યું હતું. આ ચર્ચામાં મધ્ય ગુજરાતના વિવિધ ઉદ્યોગોના સંગઠનો, કલેકટર, મેયર, ડેપ્યુટી મેયર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કલેકટરે વક્તવ્યમાં જણાવ્યું હતું કે, પોર્ટ અને એરપોર્ટના ખાનગીકરણથી સેવાઓમાં અકલ્પનીય સુધારા આવ્યા છે. કામગીરી ઝડપી બની છે. આજ લાભ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ધોરીમાર્ગોના વિકાસમાં પણ મળ્યો છે.

આગામી બજેટ વિકાસલક્ષી હશે તેમજ અર્થતંત્ર સાતત્યપૂર્ણ બનશે. બજેટને ભારતની સૌથી અઘરી કસરત સમાન ગણાવી ઉમેર્યું હતું કે, એમાં માગ (ડિમાન્ડ) સપ્લાયનું ખાસ ધ્યાન રાખવું પડે છે, બેલેન્સ કરવું પડે છે, વિવિધ પાસાંઓની સારી-નરસી બાબતોને પણ ધ્યાનમાં લેવી પડે છે. ભારતના આટલા મોટા બજેટમાં અમેરિકા જેવા વિકસિત દેશોના પ્રમાણમાં ઘણા ઓછા પ્રમાણમાં કરવેરા છે. જીએસટી પછી આવકમાં નોંધપાત્ર વધારો થયો છે, એનું ભાવિ ઉજળું છે, અર્થતંત્ર મજબૂત બનશે. તેઓએ ગુજરાતમાં છેલ્લા ચાર-પાંચ વર્ષમાં થયેલા ડિજિટલાઈઝેશનના ફાયદા વર્ણવ્યા હતા.

ખાસ કરીને જમીનના કેસોના વિલંબ દૂર થયાનું જણાવ્યું હતું. નદીઓ જોડવાની વાતના ફાયદા વર્ણવ્યા હતા. આયાત-નિકાસની નીતિને પણ વખાણી હતી, જે ટ્રમ્પ માટે પડકારરૂપ બન્યાનું ઉમેર્યું હતું.

આ પ્રસંગે મેયર ડો. જિગીશાબેન શેઠ, ડેપ્યુટી મેયર ડો. જીવરાજ ચૌહાણ, એફજીઆઈના પ્રમુખ મનોહર ચાવલા, સેક્રેટરી નીતિન પટેલ, ઈસી એન્ડ એમએનો નીરવ ત્રિવેદી, પિનાકિન અમીન, લઘુઉદ્યોગ ભારતીના દીપક સુર્વે, કામાની, વીડીએના માજી પ્રમુખ દીપક પટેલ અને વિવિધ સી.એ.રાવ, આલોક શાહ વગેરેએ મંતવ્ય રજૂ કર્યા હતા. પ્રારંભમાં સીએ બ્રાન્ચના પ્રમુખ હેમંત અગ્રવાલે સંસ્થાની પ્લેટિનમ જ્યુબિલી પ્રસંગે રૂપરેખા આપી હતી. સ્વાગત રીકીન પટેલ અને કાર્યક્રમનું સંચાલન નયન કોઠારીએ કર્યું હતું.




### રક્ષામંત્રી તરીકે એરસ્ટ્રાઈક કરનાર નાણામંત્રીની બજેટ સ્ટ્રાઈક ઉપર સૌની નજર

કેન્દ્રિય રક્ષામંત્રી તરીકે મોદીશાસન-૧માં એરસ્ટ્રાઈક કરનાર મોદીશાસન-૨ના નાણામંત્રી નિર્મલા સીતારમણની બજેટ સ્ટ્રાઈક ઉપર સૌની નજર છે. ત્યારે સીએ એસોસિયેશનમાં ઉદ્યોગકારોના સંગઠનોને સંબોધતા પાલિકાના ડેપ્યુટી મેયર ડો. જીવરાજ મહેતાએ વક્તવ્યમાં જણાવ્યું હતું કે, નિર્મલાજીની સ્ટ્રાઈક સફળ જ હોય! પછી તે રક્ષામંત્રી તરીકે ડિફેન્સની એરસ્ટ્રાઈક હોય કે નાણામંત્રી તરીકે બજેટની સ્ટ્રાઈક હોય. તેઓ સારો અને સુખદ અનુભવ સૌને કરાવશે જ એવો વિશ્વાસ છે.

### પ્રિ બજેટ ચર્ચાની સાથે સાથે...

- ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ (એફજીઆઈ) સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ (સીજીસીટીસી), લઘુઉદ્યોગ ભારતી, ઈલેક્ટ્રીકલ કોન્ટ્રાકટર એન્ડ મર્ચન્ટ એસોસિયેશન, વડોદરા ડિસ્ટ્રિબ્યુટર્સ એસોસિયેશનના પ્રતિનિધિઓની ઉદ્યોગોના પ્રશ્નો પરત્વે ધારદાર રજૂઆત
- એક્ઝિમની સૂચક ગેરહાજરી, વીસીસીઆઈની રજૂઆતો પરત્વે કાગળ ઉપર હાજરી
- સ્ટાર્ટઅપ-એમએસએમઈને વિશેષ રાહતો આપવા માગ. કૃષિના ભાવે વીજળી આપવા રજૂઆત
- સોલાર એનર્જિની સબસિડીનો લાભ ઉદ્યોગોને આપવા ઉગ્ર રજૂઆત
- ૩ થી ૫ ટકા નફામાં કામ કરતા ડિસ્ટ્રિબ્યુટર્સોને ૮ ટકા પ્રોફિટનો આગ્રહનો વિરોધ
- કંપનીઓ મોલ, રિટેઈલર, બીટુબીને જે ૧૦ થી ૨૫ ટકા સુધી ઊંચા નફાનો લાભ આપે છે એ ડિસ્ટ્રિબ્યુટર્સને મળતો નથી
- એમએસએમઈ ઉદ્યોગો મોટા ઉદ્યોગો કરતાં વધુ રોજગારી સર્જે છે એને વિશેષ લાભ મળવો જોઈએ : વીસીસીઆઈ
- બેન્કો ઊંચા એનપીએને લઈને તણાવમાં છે
- જેઓ નોકરિયાત છે તેઓને ઈન્કમટેક્સ સ્લેબમાં પૂરતી રાહત મળવી જોઈએ : મેયર
- આ પ્રકારની પ્રિ-બજેટ ચર્ચા બજેટના છ માસ અગાઉ થવી જોઈએ. જેથી યોગ્ય પરિણામ મળે : કલેકટર